પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

# હરિભાવ

વર્ષ : ૧૭ - અંક : ૧૨

સપ્ટેમ્બર, ૨૦૧૩



પૂજ્ય શ્રીમોટા સાથે
શ્રી હેમંતકુમાર નીલકંઠ (ડાબે) અને શ્રી નંદુભાઈ (જમણે)



પૂજ્ય શ્રીરંગ અવધૂત અને પૂજ્ય શ્રીમોટા

(અનુષ્ટુપ)

**‘દુર્લભ મળવો એવો, સદ્‌ભાગ્યે જો કદી મળે,**
**તો ઓળખવો એને, મુશ્કેલ બુદ્ધિથી જ છે !**
**શક્યા ઓળખી એવાને, તો તે સમજવો હૃદે,**
**-અશક્ય શો પૂરેપૂરો ! માત્ર ભક્તિથી સાધ્ય તે.’**

‘શ્રીસદ્‌ગુરુ’, પ્ર. આ., પૃ. ૧૨ — શ્રીમોટા



તસવીરકાર : શ્રી મનહર ચોકસી, નડિયાદ. સૌજન્ય : શ્રી મૂળજીભાઈ પટેલ, નડિયાદ હાલ અમેરિકા

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

વર્ષ : ૧૭ અંક : ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૩

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મિનેષ અમીન

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઇલથી) |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન : | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.

**ઈ-બૅંકિંગ માટે :**
બેંકનું નામ : યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ
ખાતાનું નામ : **હરિવાણી ટ્રસ્ટ**
સેવિંગ્સ ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે તરત જ મોકલવા વિનંતી છે.

**પૂછપરછ : સંપર્ક :**
શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧

હરિઃૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. જન્મદિને સ્વજનોને સંબોધન .................. શ્રીમોટા ૪
૨. પદ્યપ્રસાદી : શ્રીસદ્‌ગુરુ ........................ શ્રીમોટા ૬
૩. 'માયા' શું છે ? ............................ વિમલા ઠકાર ૭
૪. જન્મદિને મિષ્ટાન્ન અંગે પત્ર ..................... શ્રીમોટા ૮
૫. સ્વામી સદાશિવનો શબ્દ ..................... જે. કે. પટેલ ૯
૬. જીવમાત્રમાં નિગૂઢ પ્રભુ ....................... શ્રીમોટા ૧૦
૭. ભગવાન પાસે માગણી કરી શકાય પણ... ...... શ્રીમાતાજી ૧૧
૮. પ્રેમ ભવરણનો વીરડો છે. ............ સ્વામી કૃપાલ્વાનંદ ૧૩
૯. શ્રીમોટા સાથે ચંદુભાઈ ભાવસારનું મિલન ........ હિમાંશુ ૧૪
૧૦. હું આનંદની ભીખ આકાશ પાસેથી માગતો.... દાસાનુદાસ ૧૭
૧૧. સ્વભાવવશ કર્મોથી જીવનવિકાસ શક્ય નથી ..... શ્રીમોટા ૧૮
૧૨. કવિ રહીમના દોહા .......................મહેન્દ્ર ગુપ્તા ૧૯
૧૩. 'પ્રેમ' બંધનકર્તા ને મુક્તિદાતા...શ્રીમોટા ... કલ્પના વકીલ ૨૦
૧૪. વિવેકશક્તિ, તર્ક અને લાગણીનો સમન્વય કરે છે...શ્રીમોટા ૨૧
૧૫. સાવલીના સ્વામીજીએ ધાબાડુંગરીનું કરેલ નવનિર્માણ...પુરુરાજ જોષી ૨૨
૧૬. જીવન્મુક્તિનાં સાત સોપાન-૧ ........... શ્રીપ્રેમ અવધૂત ૨૫

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાનો જન્મદિન સપ્ટેમ્બર મહિનાની ચોથી તારીખે છે. આ મહિના સાથે જે સ્વજન દંપતીના કેટલાંક મધુર સંસ્મરણ સંકળાયેલા છે, એવાં **અમેરિકા નિવાસી શ્રીમતી ગીતાબહેન અને શ્રી કાર્તિકેય અમીન** તરફથી આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ અમો આનંદ સાથે તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

-સંપાદક

# (૧) જન્મદિને સ્વજનોને સંબોધન

**શ્રીમોટા**

આજે (ભાદરવા વદ-૪) મારા શરીરનો જન્મદિન છે. એ અંગે તમારાં બધાંનું પુણ્ય પ્રેમસ્મરણ કરું છું. ભગવાનની કૃપાથી અને વહાલાંઓના પ્રેમભર્યા આશીર્વાદથી ભગવાન મને સત્પંથે દૃઢ રાખે અને ઉત્તરોત્તર દૃઢ કરાવે એ જ માગું છું. વહાલાંઓનો પ્રેમ એ મારે મન એક ભારે શક્તિ છે. તેથી જ મને નીચેની લીટીઓ સૂઝી છે તે લખું છું. :-

**પ્રભુની વ્હાલાંઓ પ્રતિપળ જગે પ્રેમની દિવ્યમૂર્તિ,**
**પ્રભુની વ્હાલાંઓ પળપળ હૃદે ભાવની ઊર્મિશક્તિ,**
**પ્રભુની વ્હાલાંઓ હૃદય જગવે પ્રેરણાઓ અનેરી,**
**પ્રભુની વ્હાલાઓ અમ ઉર રહો આત્માની દિવ્ય જ્યોતિ.**

એટલે હંમેશાં મેં જેમને મારાં સ્વજનો માન્યાં છે, તેમની નિકટવર્તી રહેવાનો પ્રમાણિકપણે પ્રયાસ કર્યો છે. બની છે તેટલી પ્રેમભાવનાની ઊર્મિ તેમના તરફ મેં રાખ્યા કરી છે, અથવા ભગવાને કૃપા કરીને રખાવી છે, એમ લખું અથવા કહું તો તે જ વધુ યોગ્ય ગણાશે અને એથી કરીને ઉત્તરોત્તર ભગવાને જીવનમાં વિકાસ કરાવ્યો છે. મારે તો કશું ખોવાપણું ન હતું. **મારે તો જે કંઈ આપવાપણું હતું તે આપતો રહ્યો છું.** ગરીબની પાસે પ્રેમ-વહાલ વિના બીજું શું હોઈ શકે ? ગરીબની તો એ મોટામાં મોટી અણમોલ મૂડી છે. એ મૂડી પર તો એનું જીવન નિર્ભર રહ્યા કરે છે. પ્રેમની એ અમોઘ શક્તિનું માપ જ્યારે એના હૃદયમાં જાગે છે ત્યારે એ પ્રેમ જ એની એક મોટી શક્તિ થઈ પડે છે.

એ શક્તિની આગળ બીજી બધી શક્તિઓ કંઈ ખપની નથી, એવો એને જીવનમાં સ્પષ્ટ અનુભવ થાય છે. **આ શરીરના આજના જન્મદિવસને ટાંકણે મારા હૃદયનો એવો પ્રેમ તમારાં ચરણમાં માથું મૂકીને તમારા આશીર્વાદ માગે છે.** પ્રભુ મને જ્યાં રાખે ત્યાં (જ્યાં હોઉં ત્યાં) તમારા હૃદયનો નિર્મળ પ્રેમનો પ્રવાહ મારા પ્રત્યે સદાય વહ્યા કરે એવી હૃદયથી માગણી કરું છું. પોતાનાં છોકરાંઓ ઉપર જે પ્રેમ હોય તેના કરતાંયે વધારે ઉત્કટ ભાવનાભર્યો શુદ્ધ પ્રેમ મારે તો ખપે. પોતાનાં છોકરાં પરત્વેનો આપણો પ્રેમ એ શુદ્ધ નિઃસ્વાર્થ ભાવનાનો ન હોવાથી તેમાં જોઈતાં પૂરતાં જોશ અને પ્રાણ યોગ્ય પ્રકારનાં હોતાં નથી.

મારી નજરે તેવો પ્રેમ સતેજ નથી, જીવતો નથી, બલકે કમજોર છે. એવું મને નમ્રપણે જણાયું છે. આપણાં બધાંનાં પોતાનાં છોકરાંઓ ઉપરના પ્રેમમાં Sens of Possessionની વૃત્તિ, સ્વભાવની તેમના પરત્વેની મમતાની રાગાત્મક લાગણી, જીવ તથા બીજી લાલસાની વૃત્તિઓ સેળભેળ ભરેલી રહે છે. એટલે જે પ્રેમ માગી રહ્યો છું તે પ્રેમ ને છોકરાંઓ ઉપરના આપણાંથી રહેતા પ્રેમમાં આસમાન જમીનનો ફરક છે. મારે અંગે તમારામાં તેવું ન હોય તે હું સમજી શકું છું. એટલે તમારા હૃદયનો નિર્ભેળ, ઉત્કટ ભાવનાવાળો ધગધગતો પ્રેમ મારે તો જોઈએ છે. સ્વજનોના શુદ્ધ હૃદયના એવા પ્રેમની મને ભૂખ લાગેલી છે. એવા પરમ મંગલકારી પ્રેમભાવનો વરસાદ જ્યારે આપણા પર વરસે છે ત્યારે જીવનમાંના સર્વ સંકોચ દૂર થઈ જઈને હૃદય ઉદાત્ત ભાવનાથી પ્રફુલ્લિત બને છે. આખાયે આધારની અંદર રહેલી ચેતનાશક્તિમાં ઉષાની પેઠે નવા પ્રાણની સ્ફૂર્તિ જાગે છે. ને જગત ત્યારે આપણી સામે જગત તરીકે ઊભું રહેતું નથી, પણ પ્રેમભાવમાં રસબસથી તરબોળ થયેલું ને તેની સાથે એકતા સાધતા હોઈએ તેવું દર્શન આપણને પ્રાપ્ત થાય છે. અને એમ

હૃદયથી અનુભવ થતાં **પ્રેમ એ જ પરમેશ્વર છે,** એવી સહજ ઝાંખીની ઊંડી ઊંડી હૃદયમાં અસર થતી હોય, એમ અનુભવાય છે.

પ્રેમનો આવો તે દિવ્ય મહિમા કેટલો ગાઈ શકીએ ! ને જો જોવા બેસીએ તો જગતમાં આપણે જે સંકળાયેલાં દેખાઈએ છીએ-તે જો પ્રેમની ભાવના વડે સંકળાયેલાં રહીએ-તો જગત ડહોળાયેલું દેખાય છે તેવું એ જગત આપણી સમક્ષ નહિ રહે, પણ ભગવાને આપણને લીલા કરવા માટે આપેલું એક સુંદર ઉપવનનું એક રમ્ય સ્થળ છે એવું લાગ્યા કરે છે.

અને એમ પ્રેમ આપણને પણ ધન્ય કરે છે અને બીજાના જીવનને પણ ધન્ય કરે છે. એવા પ્રેમની શક્તિ તે એક ભારે મહાન ગતિ છે. એવી ગતિ આપણાં હૃદયને હલમલાવી નાખે છે. આપણને જે જે જીવાત્મા સાથેનો સંપર્ક છે, તેમના તેમના પરત્વેના આપણાં જીવ સ્વભાવનાં વલણને તે પ્રેમભાવ ફેરવાવી શકે છે, તથા તે તે જીવાત્માઓ પરત્વે તેમના તેમના જીવ સ્વભાવનાં વલણને જોવાનું ન કરતાં, મહત્ત્વ ન આપતાં, જીવનની ઊર્ધ્વગતિ કેમ થાય એવી રીતે વર્તવાની કળા પણ તે જાગેલો પ્રેમભાવ આપણને શીખવતો હોય છે.

એવો પ્રેમભાવ એ તો જીવનની તપશ્ચર્યા છે, જીવનની સાધના પણ છે, પ્રેમ એ જીવનનો આનંદ છે, ઉલ્લાસ છે. જીવનનો રસ પણ તે જ છે. **જગતમાં પ્રેમ ના હોત તો જગતમાં રહેવા જેવું પણ લાગત નહિ.** જો જીવનમાં પ્રેમભાવની ઉત્કટ ભાવના નથી, તો એવું જીવન સાચું જીવન પણ નથી.

**સત્કર્મનો બદલો સત્કર્મ આપીને જ રહે છે.** સત્કર્મની ભાવનામાં અપેક્ષાને સ્થાન જ નથી. તેવી જ રીતે આપણા હૃદયનો જેવો પ્રેમભાવ તેવું જ આપણું જીવન ફળતું રહેતું હોય છે. પ્રેમભાવના જોશ ને વેગ આપણામાં જે ગતિ પ્રેરે છે, તે ગતિમાં આપણને ક્યાંયે લઈ જવાની શક્તિ છે. આપણને જો એનો ઉપયોગ કરતાં આવડે, ભગવાન કૃપા કરીને એવી ઊંડી સમજ અને અંતરને અનુભવવાનો ઉકેલ આપે તો આપણા પ્રત્યેક કર્મમાં તે કર્મના સમગ્રપણાંના એ પ્રેમના સાધનથી આપણને દર્શન થાય જ.

એવા પ્રેમભાવના તારથી મારાં સકળ સ્વજનોની સાથે હું પોતાને સંકળાયેલો અનુભવું છું અને એ પ્રેમભાવ મારાં વહાલાં સ્વજનો તરફથી હૃદયની નિર્મળતાથી વધારે ને વધારે મળતો રહે, તો જીવનની આપલે થઈ શકે એ હેતુથી આ શરીરના આજના જન્મદિવસે પ્રત્યેક સ્વજનને આ કાગળ પાઠવું છું.

❑

પ્રેષક : ડૉ. મનસુખભાઈ
સંદર્ભ : 'જીવન સંદેશ', બી.આ., પૃ. ૨૮૯

## જણાવવાનું કે :-

હરિભાવ માટેના નવા સરનામાની જાણ પત્રથી કરવા વિનંતી છે. ફોનથી વિગત જણાવવી હોય તો ગ્રાહક નંબર શ્રી સુરેશભાઈ વૉરાના મોબાઈલ નંબર ૯૪૨૭૫૫૪૩૯૧ ઉપર સંપર્ક કરવો.

હરિભાવનો અંક ન મલ્યા અંગે પણ ગ્રાહક નંબર સાથે ઉપરોક્ત નંબર ઉપર જણાવશોજી. પોસ્ટ ખાતાના નિયમ પ્રમાણે હરિભાવ તા. ૧૦મીએ પોસ્ટ થયા બાદ જે તે મહિનામાં એક જ વખત એકસાથે એક પોસ્ટ કરી શકાય છે. જેથી તે પ્રમાણે વિલંબ થતો હોય છે. જે જાણ માટે **-સં.**

## (૨) પદ્યપ્રસાદી : શ્રીસદ્‌ગુરુ

**શ્રીમોટા**

બુદ્ધિ ગણતરીવાળી જેમાં તેમાં બધા વિષે
જેની ચાલ્યા કરે ઝાઝી વિચારે તે પ્રમાણ જે;
વિચારીને વિચારીને વિચારે તર્ક-યુક્તિએ,
એવાએ હજી ભક્તિમાં પગ માંડ્યો નથી ખરે.

પ્રસંગ આવતાં ખૂબ વિચારો ઊભરાય છે,
ચારેબાજુતણું જેમાં વિચારોથી ડુબાય છે;
મતાગ્રહો, મડાગાંઠો, સમજણો શમ્યાં ન છે,
તેમને ભક્તિનો રંગ હજુ લાગ્યો નથી હૃદે.

**રંગાવું હોય ભક્તિમાં તો ભાવને મહત્ત્વ દો,**
ભાવ ગાઢ થતાં મેળે પ્રેરણા સ્ફુરસે જ તે,
ઝાઝું વિચારવાની કે વાગોળવાની ટેવને
શ્રેયાર્થીએ મૂકી દેવી ઘટે, યોગ્ય થવા હૃદે

સદ્‌ગુરુ ખાણના જેવો ખોદો જેમ ઊંડુ ઊંડું
માણેક, રત્ન ને હીરા મળતા ત્યાં જતા જ શું !
જાણકારી વિના કિંતુ યદ્વાતદ્વા રીતે કર્યે,
ઊડઝૂડિયું જે તે કૈં, તો તો પત્તો ન ખાય છે.

સંસારને માટે હો સ્વાર્થ, સ્વાર્થ જો તેટલોય તે
-સદ્‌ગુરુ અર્થ હૈયે જો, ખરેખરો વસેલ છે,
તોયે કૈં એટલાથીયે મોકળાશ મળે તહાં
-એવાને કરવા કર્મ ઊંડે અવતરી હૃદે.

એવાને ટકવા કાજે ભૂમિકા આપણી ન છે,
એને સંભારવાનું કે વિચારવાનું જો ન છે,
ભિંજાતા દિલથી એવો યાદ જો આવતો ન છે,
**સદ્‌ગુરુ તો પછી પોતે કરે કર્મ કઈ રીતે?**

આપણે ઊઠવું જો ના, બેઠું થવું ન આપણે,
આપણે ચાલવું જો ના, પછી સદ્‌ગુરુ શું કરે ?
તમારામાં ન જિજ્ઞાસા ચેતેલી સળગેલ છે
પછી એને બૂમો ખાલી પાડવાનો ન અર્થ છે.

સંઘર્યો સદ્‌ગુરુને તો ના ખપ જેટલોય તે,
ગજવામાં ન રાખ્યો છે તકેદારીથી એહને,
આપણું વૈતરું જે તે કરાવા પછીથી તમે
શું એની પાસ ઇચ્છો છો ? તપાસજો વિચારી તે

❑ 'શ્રીસદ્‌ગુરુ', પ્ર.આ.,પૃ.૧૫૫

હરિઃૐ

### શ્રીહરિકૃપાએ : સ્વજનોની સહાયે...

**'હરિભાવ'** આ અંકના પ્રકાશન સાથે તેની **સત્તર વર્ષની** યાત્રા પૂર્ણ કરે છે. સ્વપ્રશસ્તિ દોષરૂપ હોવાથી 'હરિભાવ'ની ગતિવિધિ માટે માત્ર અને માત્ર અંતઃકરણથી આભારની લાગણી વ્યક્ત કરવાનું યોગ્ય માન્યું છે.

શ્રીહરિની કૃપા તો સતત વર્ષી રહ્યાનો અનુભવ છે. સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાનો સહયોગ તો વર્ણનાતીત છે. દરેક મહિને 'જ્ઞાનદાન' અને નાની મોટી રકમની દાન/ભેટ દેનાર સર્વે સ્વજનોનો તેમ જ વિશાળ વાચકવર્ગ પ્રત્યે પણ વિનમ્રભાવે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ. સાથોસાથ પ્રારંભથી મુદ્રણશુદ્ધિનો સહકાર આપનાર શ્રી જયંતીભાઈ જાનીની સેવા પણ ઉલ્લેખનીય છે. નામી/અનામી સર્વેને સાદર વંદન સહ હરિઃૐ -સંપાદક

# (૩) 'માયા' શું છે ?

વિમલા ઠકાર

'માયા' શબ્દ આદ્ય શંકરાચાર્યના વેદાંતમાં આવે છે 'ब्रह्म सत्यं जगन्मिथ्या' અહીં 'મિથ્યા' અને 'માયા' બે શબ્દો શંકરદર્શનની સાથે જોડાયેલા છે. જે દેશ-કાળ સાપેક્ષ છે, Relative છે, તેને માયા કહી શકાય.

'મિથ્યા' એટલે એક માટે એક સમયે જે સાચું છે, તે બીજા માટે બીજા સમયે સાચું ન પણ હોઈ શકે. દા.ત., એક વ્યક્તિની શરીરની પિત્તપ્રધાન પ્રકૃતિ છે, એને વૈદ્યે કહ્યું કે આ ખોરાક લો, એ આરોગ્યદાયી છે. આ વૈદ્યનું કહેવું વ્યક્તિ સાપેક્ષ છે. કફપ્રધાન વ્યક્તિ માટે તે નુકસાન પણ કરી શકે છે. આ જેમ પદાર્થોની બાબતમાં, આહારની બાબતમાં, રંગોની બાબતમાં છે તેવી રીતે જે કાળસાપેક્ષ છે, તેને માયા કહીશું. દેશસાપેક્ષ અને કાળસાપેક્ષ માયા છે.

વ્યક્તિનાં બાળપણ, કુમાર અવસ્થા, યુવાવસ્થા માયા છે. એટલે કે તે કાળસાપેક્ષ છે. એ કારણે જ એક જ શરીરમાં એનાં રૂપો બદલાય છે, જીવનની રુચિ બદલાય છે, બધું જ બદલાઈ જાય છે, તો આ મિથ્યા હોવા છતાં પણ, ટકવાવાળું નથી તોપણ, નશ્વર હોવા છતાં અવસ્થા પોતાના સમયે પોતાની અસર કરી જાય છે. કાળ અને સ્થળ સાથે સંકળાયેલી તે ચીજ, જે નિરંતર એકધારી બદલાયા કરે છે. 'માયા'નો આ એક અર્થ થયો.

'માયા'નો બીજો અર્થ છે : 'જેનાથી મપાય તે છે માયા.' રંગ, રૂપ, રસ, ગંધની અનંતતા જોઈને પ્રભુના ઐશ્વર્યનું માપ નીકળી શકે છે. ઐશ્વર્યને જોઈને એને ધારણ કરનારી જે સત્તા છે તે પરમાત્માની તે સત્તા કેટલી મહાન હશે, એનો એક અંદાજ આવે છે. એટલે કે આ જે વિવિધતા છે, અનંતતા છે એ ભલે ન ટકે. પળવાર પણ પારિજાતનું ફૂલ કેટલું ટકે છે ? બહુ જ થોડો વખત અને પછી મૂરઝાઈ જાય છે. તેમાં જે લાવણ્ય પ્રગટ કરી જાય છે, જે સુગંધ આપી જાય છે, તે તો સનાતન જીવનનું ઐશ્વર્ય છે. તે જીવનની અમૃતમયી સત્તાનો જ એક ઉન્મેષ છે. તો 'માયા'નો આ બીજો અર્થ છે, કેમ કે આત્માની-પરમાત્માની સત્તા અવ્યક્ત છે. જે વ્યક્ત છે, તે પરથી અનંતતાના ઐશ્વર્યનો અંદાજ આવે છે.

'માયા'નો ત્રીજો અર્થ ખૂબ મધુર છે. તે એમ કહે છે કે પ્રભુને એકલા રહેવું ગમ્યું નહિ એટલે ઇચ્છ્યું કે,'एकोडहम बहुस्याम' એકલા રહેવામાં કંઈ ક્રીડા-ખેલ ન થઈ શકે એટલે પ્રભુએ પોતાની અંદરની શક્તિઓને પ્રગટ કરી દીધી. 'આ જે આખુંય વિશ્વ છે તે પ્રભુની શક્તિનો પસારો છે.' મિથ્યા નથી, ખોટું (False) નથી, પોકળ નથી. કાળસાપેક્ષ છે, પણ ખોટું નથી. તો શિવની સાથે જેમ શક્તિ રહે છે તેમ બ્રહ્મની સાથે માયા રહે છે. મહર્ષિ અરવિંદે એનું માહેશ્વરી, મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાલીના રૂપે વર્ણન કર્યું છે.

જ્યાં જ્યાં સત્તા હશે ત્યાં ત્યાં તેની શક્તિ પ્રગટ થાય છે. શક્તિ પ્રગટ થઈ તેને 'માયા' કહી નાખ્યું. સદાશિવ અને સામ્બશિવ, અંબાની સાથે શિવ, તો સામ્બાશિવ કહ્યું અને નિર્ગુણ, નિરાકારને સદાશિવ કહ્યું.

માયા તે છે જે નિત્ય પરિવર્તનશીલ છે અને એને કારણે પળભર માટે પણ સ્થિર નથી. સરિતાનું જળ નિરંતર વહે છે. પ્રવાહમાં કંઈ પણ સ્થિર નથી. તો જેટલા પદાર્થ પરિવર્તનશીલ છે તેને 'માયા' કહ્યા છે. એને જ બૌદ્ધોએ કહ્યું :-

**'સર્વમ્' અનિત્યમ્, સર્વમ્ ક્ષણિકમ્ સર્વમ્ દુઃખમ્,** કહેવાનો અર્થ છે કે નિત્ય પરિવર્તનશીલતા એ જે સ્વરૂપનું અંગ છે, તેને 'માયા' કહ્યું છે. ❑

'આધ્યાત્મિક જિજ્ઞાસા', પ્ર.આ.,પૃ.૨૫૧

# (૪) જન્મદિને મિષ્ટાન્ન અંગે પત્ર

કુંભકોણમ્ તા. ૧-૪-૧૯૫૦

પ્રિય હંસાબહેન,

તમારો કાગળ મળ્યો છે. જન્મદિવસને પ્રસંગે આપણા સમાજમાં મિષ્ટાન્ન ખાવાનો રિવાજ છે, તો તેનો હેતુ શો હશે એવો પ્રશ્ન જે પૂછ્યો છે તે યોગ્ય પ્રકારનો છે.

જે કાળે એવો રિવાજ પડ્યો હશે તે વેળા જે કારણોથી તે રિવાજ પ્રચલિત બન્યો હશે તે કારણો તો આજે મોજૂદ નથી, માત્ર રિવાજ રહી ગયો.

**સમાજને મૂળમાં જવાની પરવા હોતી જ નથી.** શરીર ટકાવવા કાજે ખોરાકની ખાસ જરૂર. ખોરાકમાં ખાંડ તત્વની પણ જરૂર રહે છે. તેથી વારતહેવારે ને સારા પ્રસંગે મિષ્ટાન્નનો રિવાજ પડેલો હોય. **આજે તો લોકો જરૂર કરતાં વધારે ખાંડ ખાતા થઈ ગયેલા છે.** ઊલટું શરીરને નુકસાન થાય એટલી હદ સુધી ખાંડ લેવાતી થઈ ગઈ છે, તેવી વેળા જેટલી ખાંડ કે ગળ્યું ઓછું વપરાય તેટલું શરીર કાજે ઉત્તમ.

રોજ ચા-કૉફીના પીણામાંથી, શાક આદિમાંથી ખાંડ નીકળી જાય તો પછી વારતહેવારે પચી શકે તેવાં મિષ્ટાન્ન હોય તો તે યોગ્ય ગણાય.

જન્મદિવસ માત્ર મિષ્ટાન્ન ખાવા પૂરતો હોતો નથી. જન્મદિવસ તો શરીર દ્વારા, શરીર જે સાધનરૂપે મળેલું છે, જે કાજે શરીર મળેલું છે, તેનું ભાન જગાડવા કાજે ઉત્તમ ભાવનામાં તે દિવસ પસાર થાય તો જન્મદિવસ ઉત્તમ રીતે ઊજવાયો ગણાય. વળી, બાળક તો એવું કશું ના કરી શકે ને તે સમજી પણ ના શકે તેથી તેનાં માબાપે તે દિવસે તેનામાં, એના જીવનમાં-ઉત્તમ પ્રકારની સદ્ભાવના પ્રવર્તે તે કાજે તે દિવસનો બને તેટલો સમય પ્રાર્થનાભાવે ગાળવાનું કરવું ઘટે.

ગોળને આપણામાં ઉત્તમ શુકનના નિમિત્ત તરીકે ગણ્યો છે. તેનું કારણ પણ તેમાં ખોરાકની દૃષ્ટિએ તેમ કરેલું હોવાનો સંભવ છે. ખાંડ કરતાં ગોળ કહે છે કે પચવામાં સરળ છે. વધારે પડતું ગળપણ શરીરને નુકસાન કરતા છે, એવું માનવું છે.

એ જ લિ. તમારા મોટાના

સપ્રેમ ઘણા ઘણા પ્રણામ

વાંચીને આ કાગળ કાંતાને મોકલી આપશો કે જેથી નંદુ પણ વાંચી શકે ને સિદ્ધાર્થનો જન્મદિન કેમ ગાળવો એની સૂચના આમાંથી તેમને મળે.

વળી, જન્મદિવસ ઊજવવાનું અનેક કારણોમાંનું એક મુખ્ય કારણ તો મળેલા શરીરની મહત્તા આપણામાં જાગે તેટલા કાજે છે. શરીર દ્વારા જ જે તે સાધન થઈ શકે છે. શરીર દ્વારા જ જે તે બધું છે. તેથી શરીર કાજે મનમાં ખૂબ ભાવના જાગે તેથી તેના જન્મનો દિવસ ઊજવવાનું કહ્યું હોય.

જન્મદિવસ, જો શક્તિ હોય તો જે જીવો અપંગ, અંધ છે, તેમને જમાડીને, આપણને જે સારું શરીર મળેલું છે તેની કૃતજ્ઞતામાં આપણે તેમ કરવું ઘટે. ને તે કરવાનું હોય તે તેમના કાજે નહિ પણ આપણા પોતાના જ શ્રેય-કલ્યાણ કાજે તેમ કરવાનું હોય.

કુટુંબમાં એક શ્રીમંત હોય ને તે ઉત્તમ ભાવનાવાળો હોય ને કુટુંબના બીજાં ગરીબ હોય તો પેલો શ્રીમંત જીવ પોતાનાંને ઉપયોગમાં આવી શકે છે. તેમ સમાજમાં ઉપલાં નબળાં અંગોને પોષણ કરવાનો ધર્મ ધનવાનોનો છે. ❑

'પાડજો પગલાં પ્રભુ', પ્ર.આ.,પૃ.૧૪

---

*(અનુષ્ટુપ)*
*મળ્યું જીવન શા માટે, તેનું ભાન જગાડીને,*
*મહત્ત્વ સમજાવી તે, પામવા તે મથાવજે.*
*-શ્રીમોટા*

# (૫) સ્વામી સદાશિવનો શબ્દ

**જે. કે. પટેલ**

(૧)

અહીં આશ્રમમાં (સદાશિવ આશ્રમ, મોટેરા, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, પ્રવેશો એટલે 'હું' અને 'મારું' છોડી દો. 'અમે' અને 'અમારું' એવો ભાવ કરી દો. સંસારી ભાવ છોડી દો. ભાવનું પરિવર્તન કરી દો. આશ્રમમાં રહેતાં ગાય, કૂતરાંનો પણ વિચાર કરો. ગમે તે હોય, પણ એ બધાંમાં હું છું. એ મારાં છે. એમનાં સુખદુઃખનો પણ વિચાર કરો.

(૨)

ભયંકર સમય આવી રહ્યો છે. **જેઓ જપ કરે છે એમને જ થોડી રાહત મળશે.** ચારેબાજુ આગ લાગી હોય એમાં ભલે આપણું ઘર બળતું ન હોય, પણ આગની ગરમી તો આપણને લાગે જ. એ ભયંકર સમયમાં, આપત્તિકાળમાં આપણને નુકસાન તો થશે જ, પણ જીવિત રહી શકીશું.

(૩)

સને ૧૯૫૭-૧૯૫૮માં જ્યારે હું નારેશ્વર ગયો ત્યારે મને ત્યાંના મહંતપદની ઑફર થઈ હતી. મેં ના પાડી દીધી અને કહ્યું, આખા વિશ્વ બ્રહ્માંડની ગાદી મારી પાસે છે, પછી હું આ ગાદી લઈને શું કરું ?

જો હું ગાદી ઉપર બેસું તો મારા આદર્શનો મારે ભોગ આપવો પડે, કેમ કે મેં મહારાજના વખતમાં જોયેલું કે ભલે આપણે ગાદી ઉપર બેઠા, પણ રાજ બીજાઓનું, આપણું ચાલે નહિ અને **આ જગત તો 'ગુલામગુરુ' માગે છે. એ લોકો કહે એમ ગુરુએ કરવાનું.**

અહીં આશ્રમમાં બધાએ ખૂબ સેવા કરી છે, એની ના નથી. પણ પછી બધા માથે ચડવા માંડ્યા, એટલે બધાને ભગાડી મૂક્યા. એક બંગાળી તો અહીં ચેલા બનાવવા મંડી પડ્યો. એનેય ભગાડી દીધો.

(૪)

હું અહીં જે કાંઈ કહું છું એ કલ્પનાથી નથી કહેતો, અનુભૂતિથી કહું છું. આત્મા વિશે સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે, **'નાયમાત્મા પ્રવચનેન લભ્યતે ન મેધાયા, ન બહુતા શ્રુતેન'** આત્મા પ્રવચનથી નથી મળતો, ખૂબ મેધાથી પણ નથી મળતો કે બહુ સાંભળવાથી પણ નથી મળતો, પણ જે આત્મભાવમાં સેવા કરે છે એને આત્મા પોતાનું સ્વરૂપ કહી દે છે.

વેદમાં પણ આ પ્રમાણે મંત્રો છે. મને એની અનુભૂતિ છે. 'શબ્દબ્રહ્માણિ નિષ્ણાતે, પરબ્રહ્માધિ ગચ્છતિ' **જે શબ્દમાં નિષ્ણાત થાય છે, એ પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.**

(૫)

સમગ્ર શરીરમાં તેજ તત્ત્વ વ્યાપી જવાથી જે કાંઈ ખાવાપીવામાં આવે એ અગ્નિમાં સ્વાહા થઈ જાય છે. એટલે **એવાને મળમૂત્રનો પ્રશ્ન રહેતો નથી.** પછી નાભી, હૃદય અને મસ્તકમાં રહીને કામ થાય છે. શક્તિ માટે નાભી, લાગણી માટે હૃદય અને જ્ઞાન માટે મસ્તક ! આ પ્રમાણે બાકીનાં સાત દ્વારમાં જરૂરિયાત પ્રમાણે ચઢઊતર થાય છે.

(૬)

જ્ઞાનાગ્નિથી કર્મ બળે છે, પણ જ્ઞાનાગ્નિ એમ ને એમ પ્રકટ થતો નથી. જ્યારે પ્રત્યેક કર્મની કામનાથી મુક્ત થયા હોય, સંકલ્પથી મુક્ત થયા હોય, ત્યારે જ્ઞાનાગ્નિ પ્રકટે છે. કોઈ પણ કર્મ થતાં પહેલાં સંકલ્પ થાય છે. **સંકલ્પ અનુસાર થતાં હર્ષ અને શોક બંને આવેગ છે અને તે બંધનકારી છે.** સંકલ્પ વગર જે કર્મ થાય છે, એ અનાયાસે સહજ ભાવે થાય છે. બુદ્ધ ભગવાનને એક વ્યક્તિએ બધાની વચ્ચે ગાળો દીધી. એમણે સ્થિર ચિત્તે સાંભળી. સામી વ્યક્તિ માટે પોતાના હૃદયમાં સહેજ પણ ભાવફેર, દ્વેષ કે ક્રોધ થયો નહિ. આ સ્થિતિ આવે ત્યારે જ્ઞાનાગ્નિ પ્રકટે.

❏

'પ્રજ્ઞારસ માધુરી ઉત્તરાર્ધ',પ્ર.આ.,માંથી **(સાભાર)**

# (૯) જીવમાત્રમાં નિગૂઢ પ્રભુ

**શ્રીમોટા**

Every being is Potentially divine. ચેતન તરફ જવાની ગતિ દરેક જીવમાં રહેલી છે. ધારો કે આપણે જીવદશામાં છીએ, તેમ છતાં કોક વખત આપણને ભાવ જાગે છે. શુભ કાર્ય કરવાની, સારાં કર્મ કરવાની, બીજાનું ભલું કરવાની પણ કેટલીક વખત વૃત્તિ જાગે છે. કોઈ વખત એવો ભાવ થાય છે.

જ્યારે કોઈ સંકલ્પવિકલ્પ ન હોય એવી સ્થિતિ પણ આપણી ક્યારેક આવે છે. આપણું તટસ્થતાપૂર્વક પૃથક્કરણ થાય, તો ખ્યાલમાં આવે કે આપણા હાલના પ્રકૃતિના જીવનમાં પણ કોક કોક પળ એવી જાગે છે. એ જ બતાવી આપે છે કે આપણામાં માત્ર એકલી પ્રકૃતિ જ-નરદમ એકલી જ-હોત તો આ જાગત નહિ. **એટલે પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનું આવું બીજ કંઈક આપણામાં છે.** પછી એને 'આત્મા' કહો, 'ચેતન' નામ કહો, ગમે તે નામ કહો અથવા તો કંઈક કહો. હવે, એ તત્ત્વ તરફ આપણને સભાનતા થવી જોઈએ.

દ્વંદ્વ એટલે એકબીજાથી તદ્દન વિરુદ્ધ. સદ્-અસદ્, પાપ-પુણ્ય, નીતિ-અનીતિ, પ્રકાશ-અંધકાર, એ એકબીજાંની વિરુદ્ધનાં જે પાસાં એ દ્વંદ્વ અને ગુણ-સત્ત્વ, રજસ, તમસ-આ બેની બનેલી પ્રકૃતિ છે. એનાથી પણ બીજું કોઈ તત્ત્વ છે, એટલું બુદ્ધિથી આપણે સમજ્યાં, તો પછી એને અનુભવવા માટેનું જો ખરેખર ધગધગતી તમન્નાવાળું દિલ જાગે છે, તો એ તરફ એનું મનનચિંતવન વિશેષ ને વિશેષ રહે. જેનું જે પ્રકારનું મનનચિંતવન અને એકધારું Continuous (કન્ટિન્યુઅસ)-સતત રહે તો તેનું હાર્દ મળે છે.

હું કરાંચીમાં હતો ત્યારે માદામ ક્યુરીની ફિલ્મ જોવા ગયો હતો, તો તે એના ફિયાન્સ સાથે બીચ પર ફરવા જતી હતી. એ સમયમાં એ રેડિયમની શોધ કરતી હતી, પણ બીચ ઉપર ફરતી વખતે પણ એના મનમાં શોધખોળના વિચારો ચાલુ હતા. સિનેમા જોતી હતી ત્યારે પણ એ શોધખોળ અંગેનું જ મનનચિંતવન. સિનેમા જોતાં જોતાં એ અધૂરી ફિલ્મ છોડીને તે ઊઠી ગઈ હતી. એકધારું જેનું મનનચિંતવન જે વિષય પરત્વેનું હોય તેને તેનું હાર્દ મળે. આ એક સાયકૉલૉજિકલ પ્રૂફ-(મનોવૈજ્ઞાનિક સાબિતી) છે.

જ્યારે પેલા ચેતન પરત્વેનું મનનચિંતવન જાણતા નથી કે ચેતન શું છે, એ પણ જાણતા નથી. છતાં આપણને પ્રકૃતિથી બીજી જાતનો અનુભવ કોઈક વખત અજાણપણે પણ થાય છે. એ રોજબરોજના વહેવારમાં આપણે જાણીએ છીએ. જે જાણ્યું છે, તેના પરત્વે આકર્ષણ થયું.

હવે જે કેટલાંકને આકર્ષણ થાય છે, તે આકર્ષણ પછી ધીરે ધીરે કરીને વધે છે એ હકીકત એ તરફની જ પ્રગતિ છે. તે પછી તે આકર્ષણ પ્રત્યે એ એકાગ્ર થતો જાય છે. ત્યાર પછી ચિંતનનું હાર્દ એને મળે છે, ત્યારે એના આનંદનો પાર રહેતો નથી. એટલે આપણે ભલે પ્રકૃતિમાં હોઈએ, પણ એની સાથે સાથે આ ચેતન રહેલું જ છે.

આપણા રોજબરોજના જીવનમાં પણ આપણે અનેક પ્રકારના ફેરફારો અનુભવીએ છીએ. પોતાના જીવનમાં જ જન્મ્યા તે અત્યાર સુધી-અનંત પ્રકારના ફેરફાર થયેલા આપણે આપણા જીવનમાં જોઈએ છીએ. ગતિ એકલી જ હોત તો આપણને કંઈ ફેર ના પડે. **'ગીતા'**માં કહ્યું કે 'એને હું ચાકડા ઉપર મૂકીને બધે ફેરવ્યા કરું છું.'

આપણે રોજબરોજની અંદર એની એ જ પ્રવૃત્તિમાં રમમાણ રહીએ છીએ. તેમ છતાં આપણને તેમાં રસ છે. જો રસ ના હોત તો એમાં આપણું મન ના રહ્યું હોત. એ રસ છે. એ પોતે બ્રહ્મ છે. એ પોતે ચેતન છે. ❑

'જન્મપુનર્જન્મ', બીજી.આ.,પૃ.૨૭

# (૭) ભગવાન પાસે માગણી કરી શકાય, પણ...

**શ્રીમાતાજી**

જો તમે ભગવાન પ્રત્યે વળો, ભગવાનમાં પૂરો વિશ્વાસ રાખો અને તમારે જે વસ્તુ જોઈતી હોય તેની માગણી ભગવાન પાસે કરો તો તમને તમારી જોઈતી વસ્તુ મળશે. જોકે તમે જે જરૂરિયાતની કલ્પના કરો છો, તેવી જ તે વસ્તુ ન પણ હોય પણ **તમને જે વસ્તુની સાચી જરૂર છે તે તમને મળશે,** પણ તમારે તે વસ્તુની ભગવાન પાસે માગણી કરવી જોઈએ. જો તમે ભગવાન પાસે માગણી ન કરો તો તે વસ્તુ તમને કેવી રીતે મળે ?

તમારે તે પ્રયોગ દિલની સચ્ચાઈપૂર્વક કરવો જોઈએ. તમારે અનેક પ્રકારના બાહ્ય ઉપાયો વડે તે વસ્તુ મેળવવાનો પ્રયાસ ન કરવો જોઈએ, અને ભગવાન પાસે માગણી કર્યા સિવાય, ભગવાન તે આપશે એવી અપેક્ષા ન રાખવી જોઈએ. સાચે જ જ્યારે તમને કોઈક માણસ અમુક વસ્તુ આપે એવી તમે ઇચ્છા રાખતા હોવ છો, ત્યારે તમે તેની પાસે તે વસ્તુની માગણી કરો છોને ? તો પછી તમે માગણી ન કરો અને છતાં ભગવાન તમને તે વસ્તુ આપશે એવી આશા તમે શા માટે રાખો છો ?

સામાન્ય ચેતનામાં, ગતિ બિલકુલ વિરુદ્ધ પ્રકારની હોય છે. તમે માની લો છો અને કહેતા હોવ છો કે 'મારે આ વસ્તુની જરૂર છે, મારે આ સંબંધની કે પ્રેમની જરૂર છે. ભગવાને તે મને આપવું જોઈએ, નહિ તો તે ભગવાન નથી' અર્થાત્ તમે પ્રશ્નને તદ્દન ઊલટાવી નાખતા હોવ છો.

પ્રથમ તો તમે કહો છો કે મારે જરૂર છે. તમે જાણતા હોવ છો કે તે તમારી સાચી જરૂરિયાત છે, કે પછી તે માત્ર તમારી મનની છાપ જ છે, અથવા કામના છે, અથવા તદ્દન અજ્ઞાનમય ગતિ છે. પ્રથમ આ મુદ્દો. તે વિશે તમે કાંઈ જ જાણતા હોતા નથી.

બીજો મુદ્દો : તમે તમારા જ સંકલ્પને ભગવાન પર ઠોકી બેસાડવા માગતા હોવ છો. તમે ભગવાનને કહો છો કે મારે આની જરૂર છે પણ તમે તેમની પાસે તે વસ્તુની માગણી કરતા હોતા નથી કે તમે મને આ વસ્તુ આપો. જાણે કે મારે જરૂરની બધી વસ્તુઓ ભગવાને મને આપવી જોઈએ. તે ભગવાનનું કામ છે.

ભગવાન અને તમારી વચ્ચે કોઈ સંબંધ ન સ્થાપતા હોવ, જો તમારા વલણમાં થોડી ઘણી દિલની સચ્ચાઈ સાથે તમે ભગવાન પ્રત્યે ન વળતા હોવ, તો તમે ભગવાન પાસેથી કશી માગણી કરતા હોતા નથી અને એટલે ભગવાન તમને કોઈ પણ વસ્તુ આપે તે માટે કોઈ કારણ નથી.

**પણ તમારા કરતાં ભગવાન વધારે જાણે છે કે તમારે શેની જરૂર છે** અને જો તમે ભગવાન પાસે માગણી કરો તો તમને જરૂરની વસ્તુ તે આપશે.

પણ જો તમે આગ્રહ રાખો અને તમારા સંકલ્પને ભગવાન પર ઠોકી બેસાડો તો તમે જે માગો છો તે ભગવાન તમને ન આપે, જેથી તમને પ્રકાશ મળે અને તમને તમારી ભૂલ સમજાય કે તે વસ્તુની તમને સાચી જરૂર ન હતી. હું આ તમારી અંગત વાત નથી કરતી હું તો બધા માનવોની વાત કરી રહી છું.

એ બંને રીતે તમે આગળ વધો છો. જો તે તમારી માગેલી વસ્તુ તમને આપે અને તે તમારું ઈષ્ટ કરવા કરતાં વધારે અનિષ્ટ કરે, તો તમે વિરોધ કરો છો. જો ભગવાન તમારી માગેલી વસ્તુ તમને ન આપે તોપણ તમે વિરોધ કરો છો.

જો તેમ કરવાને બદલે તમે તમારામાં અભીપ્સા રાખો, અને ભગવાનને સર્વ ભૂતોનું ઉદ્‌ગમ સ્થાન, પરમ કલ્યાણમય, સર્વ સમસ્યાઓના ઉકેલરૂપ માનતા હોવ, તો પછી તમે ભગવાનને એમ નહિ કહો કે મને આ આપો, પેલું આપો. તેના બદલે તમે ભગવાનને કહેશો કે 'મારે માટે જે જરૂરનું હોય તે કરો.'

બહુ થોડા લોકો પોતાને શેની સાચી જરૂર છે તે જાણતા હોય છે. તેઓ હંમેશાં પોતાની કામનાઓને પૂર્ણ કરવા પાછળ દોડતા હોય છે. જ્યારે એક કામના પૂર્ણ થાય છે ત્યારે તેઓ નિરાશ બનતા હોય છે અને પછી તેઓ બીજી કામના પાછળ દોટ મૂકતા હોય છે. ❑

'અર્પણ', જૂન, ૨૦૧૩, માંથી સાભાર

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી ગીતાબહેન કાર્તિકેય અમીન (જ્ઞાનદાન) | અમેરિકા | ૧૧,૫૦૦/- |
| ૨. | સ્વ. ધર્મપત્ની રંજનદેવીના સ્મરણાર્થે હસ્તે દેવેન્દ્ર બી. સોલંકી | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩. | બ્રહ્મલીન સ્વામી કૃષ્ણાનંદ ભાદરણવાળાની પુણ્ય સ્મૃતિમાં હસ્તે એક સેવક | સુરત | ૫,૦૦૦/- |
| ૪. | સદ્‌ગત માતુશ્રી મણિબહેન અને પિતાશ્રી આશાભાઈ પટેલની પુણ્યસ્મૃતિમાં હસ્તે ચંદુભાઈ આશાભાઈ પટેલ | અકોલા | ૨,૦૦૦/- |
| ૫. | ગૌરાંગ મરચન્ટ (લવાજમ ભેટ) | અમેરિકા | ૧,૨૦૦/- |
| ૬. | શ્રી પ્રભુદાસ જાની | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૭. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૮. | પુત્ર અનન્ય અને પુત્રી પ્રણાલીનાં અમેરિકામાં ગ્રેજ્યુએશન થયાં તે નિમિત્તે હસ્તે ડૉ. હિતેન અમીન | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૯. | સદ્‌ગત પિતાશ્રી વિનોદભાઈ ભાવસારની પુણ્ય સ્મૃતિમાં હસ્તે મેધા, વાચા અને મહેર | વાપી | ૧,૦૦૧/- |
| ૧૦. | સદ્‌ગત વિનોદભાઈ ભાવસારની ભાવના અનુસાર દીકરી બી.ડી.એસ. થઈ તે નિમિત્તે હસ્તે બીનાબહેન વિ. ભાવસાર | વાપી | ૧,૦૦૧/- |
| ૧૧. | સદ્‌ગત માતુશ્રી શાંતાબહેન મણિભાઈ પારેખની પુણ્ય સ્મૃતિમાં હસ્તે રજનીકાંત અને તેમનાં ધર્મપત્ની દર્શનાબહેન | અંકલેશ્વર | ૧,૦૦૧/- |
| ૧૨. | સવિતાબહેન | વડોદરા | ૧,૦૦૦/- |
| ૧૩. | સદ્‌ગત પિતાશ્રી ગોકળભાઈ ફળદુની પ્રથમ પુણ્યતિથિ (૨૫-૬) નિમિત્તે હસ્તે પંચાણભાઈ અને મુક્તાબહેન | સુરત | ૬૨૫/- |
| ૧૪. | ચીમનભાઈ બેચરદાસ પટેલ | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૫. | કૌશિક એચ. જોષી | વડોદરા | ૫૦૦/- |
| ૧૬. | નિરંજનાબહેન ગુણવંતભાઈ નાયક | વડોદરા | ૫૦૦/- |
| ૧૭. | ચિ. દિવિજાના જન્મદિન નિમિત્તે હસ્તે વંદનાબહેન આર. પટેલ | અમદાવાદ | ૨૫૧/- |
| ૧૮. | દર્શના યોગેશ કાપડિયા | અમદાવાદ | ૨૫૧/- |
| ૧૯. | એક સ્વજન (જન્મદિન ૧૬-૮ નિમિત્તે) | અમદાવાદ | ૨૫૧/- |

## (૮) પ્રેમ ભવરણનો વીરડો છે

**સ્વામી કૃપાલ્વાનંદ**

બધી અવસ્થાઓમાં મનુષ્યને પ્રેમની આવશ્યકતા હોય છે, **પ્રેમ મનની ભૂખ છે.** જો તે ભૂખ સંતોષાતી નથી તો વ્યક્તિના જીવનમાં શાંતિ, સુખ, ઉત્સાહ કે સંતોષ નથી પ્રકટતાં. જીવન જીવતાં કંટાળો આવે છે અને મૃત્યુ ભણી આંખો મીંચી દોડવાની વૃત્તિ જાગે છે. પ્રેમીની પ્રેમભરી આંખો નિહાળી મનુષ્ય અનુભવે છે કે હું કોઈનો છું અને કોઈ મારું છે. આ કલ્પના પ્રસવતાં જ મૃત્યુનો પ્રતિકાર કરવા જેટલું બળ પ્રગટે છે.

પ્રેમ સંજીવની છે. જીવનદીપકનું ધન છે. જેમ માને સંતાન પ્રત્યે પ્રેમ હોય છે, તેમ સંતાનોને પણ મા પ્રત્યે પ્રેમ હોય છે. આ જ રીતે ભાઈબહેન, પિતાપુત્ર, પતિપત્ની, ગુરુશિષ્ય, મિત્રમિત્ર, બંધુબંધુ, બહેનબહેન ઇત્યાદિ પ્રેમગ્રંથિથી એકબીજાં સાથે બંધાયેલાં રહે છે. આ કારણે જ અપાર દુઃખોમાં પણ જીવનની તૃષ્ણા રહ્યા કરે છે. જેમ શરીરને અનેક ઇંદ્રિયો હોવાથી તેના વ્યવહારો સરળતાપૂર્વક થયા કરે છે, તેમ વ્યક્તિનો પ્રેમીવર્ગ વિશાળ હોય છે તો તેના જીવનના વ્યવહારો સરળતાપૂર્વક ચાલ્યા કરે છે. સંક્ષેપમાં **પ્રેમ ભવરણનો વીરડો છે.** એની સામે અમૃત ફિક્કું લાગે છે અને ત્રિલોકનું સામ્રાજ્ય પણ તુચ્છ જણાય છે.

બાલ્યકાળમાં અથવા તે પછીના કોઈ પણ કાળમાં જો કોઈ વ્યક્તિ પ્રેમવંચિત થાય છે તો તેનો સ્વભાવ ચીડિયો બની જાય છે. તેને કોઈ પણ વ્યક્તિ પર વિશ્વાસ ઉત્પન્ન થતો નથી. સ્વભાવમાં સૌંદર્ય, સુકુમારતા અને સંતૃપ્તિ ત્યારે જ પ્રકટે છે, કે જ્યારે પ્રેમની સંતૃપ્તિ અનુભવાય છે.

**સહાનુભૂતિ :-**

સહાનુભૂતિનો અર્થ છે સમભાવ. સમભાવ મુક્ત હોવાથી તેનું ક્ષેત્ર વ્યાપક છે. તેને માટે પરિચયની, મૈત્રીની આવશ્યકતા હોતી નથી. એક વ્યક્તિના મનનો ભાવ બીજી વ્યક્તિના મનને સ્પર્શે છે તો તેનામાં પણ તેવો જ ભાવ ઉત્પન્ન થાય છે. જો બીજી વ્યક્તિના મન પર પહેલી વ્યક્તિના ભાવનો પ્રભાવ પડતો નથી તો સહાનુભૂતિનો આવિર્ભાવ થતો નથી.

આગગાડીના એક જ ડબામાં બેઠેલા પ્રવાસીઓ પોતાનાં સુખદુઃખની વાતો કરી સમય વિતાવતા હોય છે, તે સમયે તેમનામાં એટલો તો આત્મીયતા ભાવ પ્રગટે છે કે તેઓ સુખાનુભૂતિથી અતિ પ્રસન્ન થાય છે અને દુઃખાનુભૂતિથી અત્યંત ખિન્ન થાય છે કે રડે છે.

સહાનુભૂતિ વ્યક્ત કરનાર વ્યક્તિ સુખદુઃખ ઓછા નથી કરતી, છતાં સામાને અત્યંત સુખ, શાંતિ અને ઉત્સાહ પ્રદાન કરે છે. સહાનુભૂતિ જ માનવમાં માનવતા પ્રગટાવે છે. વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનાર વ્યક્તિ તેમના અર્થે જેટલા પ્રમાણમાં આત્મસમર્પણ કરે છે તેટલા પ્રમાણમાં તેની મહાનતા પાંગરે છે.

વ્યક્તિમાં સહાનુભૂતિ ઉત્પન્ન થઈ કે તેને સર્વત્ર ભાવ અને ભાવનાનાં જ દર્શન થવાનાં. આ છે તેની વિશેષતા. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં છઠ્ઠા અધ્યાયના બત્રીસમા શ્લોકમાં સહાનુભૂતિના ભાવને સર્વોત્તમ માન્યો છે. તેનો ભાવ 'ગીતાગુંજન'માં આ રીતે દર્શાવાયો છે. :-

**આત્મસમાનતા દ્વારા સર્વત્ર સમ જે જુએ,**
**સુખ યા દુઃખનેયે તે યોગી ઉત્તમ મેં ગણ્યો.**

જેમ બરફ ઉપર સૂર્યકિરણો પડતાં તે પીગળે છે કે દ્રવી ઊઠે છે, તેમ ઉચ્ચ કોટિના સંતો દુઃખીને જોઈ દ્રવી ઊઠે છે. ❑

'આસન અને મુદ્રા', બીજી આવૃત્તિ, પૃ-૩૯૭

# (૯) શ્રીમોટા સાથે ચંદુભાઈ ભાવસારનું મિલન

હિમાંશુ ભાવસાર

શ્રીમોટાની પરમ કૃપાના અહોભાગી બનનાર સ્વ. ચંદુભાઈ ભાવસાર (વકીલ)નો શ્રીમોટા સાથે કેવી રીતે પ્રથમવાર પરિચય થયો તે વિશે જાણતાં જ મન ભક્તિભાવથી આનંદિત થઈ ઊઠે છે. ચંદુભાઈ, વ્યવસાયે વકીલાત કરતા અને અમદાવાદમાં ભાવસાર જ્ઞાતિમાં સારું સંમાન ધરાવતા. શ્રીમોટા વિશે તેમણે થોડું ઘણું સાંભળેલું અને એકાદ-બે પુસ્તકો પણ ખરીદેલાં, પરંતુ તે વાંચેલાં નહિ. દર મહિનાની પૂનમે અમદાવાદથી ચંદુભાઈ તેમનાં ધર્મપત્ની શારદાબહેન તથા પરિવાર સાથે ડાકોર શ્રીરણછોડરાયજીનાં દર્શને ટૅક્સી કરીને જતાં. શ્રીમોટાએ ઈ.સ.૧૯૫૫માં નડિયાદમાં હરિઃૐ આશ્રમની સ્થાપના કરેલી. આશ્રમની જવાબદારી નડિયાદમાં આવેલી ભારતભુવન હોટલના માલિક કુબેરદાસ ભાવસાર નિષ્ઠાપૂર્વક સંભાળતા હતા. હરિઃૐ આશ્રમને કુબેરભાઈની ઓથ સારી હતી. બહારગામથી આવેલા અજાણ્યાં સ્વજનોને કુબેરભાઈ ચા-પાણી-નાસ્તો કરાવે, જમાડે પણ ખરા અને આશ્રમ જવામાં મદદ કરતા. શ્રીમોટાને જ્યારે જ્યારે બહારગામ જવાનું હોય ત્યારે તેઓ ટિકિટ કઢાવી ટ્રેનમાં બેસાડવા સુધીની દરેક સંભાળ રાખતા હતા. ઈ.સ. ૧૯૫૭માં કુબેરભાઈનું અવસાન થયું. નડિયાદ આશ્રમ ઉપર જાણે ધરતીકંપ થયો હોય એમ બધાંને લાગ્યું. આશ્રમની સંભાળ રાખતા હેમંતકુમાર નીલકંઠને પણ એમ થયેલું કે આશ્રમનું હવે શું થશે ? કુબેરભાઈના અવસાનને થોડા માસ વીત્યા હશે ત્યાં એક દિવસ એક ટૅક્સી આશ્રમના દ્વારે આવીને ઊભી રહી. તેમાંથી ચારપાંચ જણાં ઊતર્યાં. શ્રીમોટાએ ટૅક્સીમાંથી ઊતરતા એક ભાઈને કહ્યું, 'તમને કહ્યા પછી ક્યારનોય હું તમારી રાહ જોઉં છું,' આમ કહી શ્રીમોટાએ સૌને તેમની પાસે બેસાડ્યા. શ્રીમોટા જેની રાહ જોઈ રહ્યા હતા તે જ ચંદુભાઈ ભાવસાર. કારતક સુદી પૂર્ણિમા એટલે કે દેવદિવાળીના દિવસે ચંદુભાઈ ડાકોર દર્શન કરવા ગયા હતા. **નિજમંદિરમાં જ્યારે તેઓ દર્શન કરતા હતા ત્યારે શ્રીરણછોડરાયજીની મૂર્તિના સ્થાને તેમને શ્રીમોટાએ દર્શન આપ્યાં.** શ્રીઠાકોરજીના મુગટના સ્થાને શ્રીમોટાનું ફેંટાવાળું દર્શન કરીને ચંદુભાઈ હતપ્રભ બની ગયા. શ્રીમોટાએ તેમને આજ્ઞા કરી કે અહીંથી પાછા ફરતાં નડિયાદમાં મારો હરિઃૐ આશ્રમ છે ત્યાં તું આવજે. દર્શન કરીને તુરંત જ ચંદુભાઈ નડિયાદ પહોંચ્યા. આશ્રમનું સરનામું ખબર ના હોવાથી ભારતભુવન હોટલ પરથી વિગત મેળવી તેઓ હરિઃૐ આશ્રમે પહોંચ્યા. આમ બનેલી બીના તેમણે બધાને કહી સંભળાવી તો વાત સાંભળીને હસતાં હસતાં શ્રીમોટા બોલ્યા જો ભાઈ, આશ્રમને તારા જેવો એક માણસ જોઈતો હતો. તેથી ભગવાને જ તને અહીં મોકલ્યો છે. નડિયાદવાળા કુબેરભાઈ ભાવસારનું નામ તો તેં સાંભળ્યું હશે. આ આશ્રમની તેઓ સંભાળ રાખતા હતા અને જોઈતું કરતું મોકલાવતા હતા, પણ એ તો ગયા અને એમના ગયા પછી નડિયાદ આશ્રમને કોણ સંભાળશે એવું અમને થતું હતું. ત્યાં ભગવાને તને મોકલી આપ્યો, એટલે તું તો અમારે મન ભગવાનની ભેટ છે. શ્રીમોટાની વાતનું રહસ્ય ચંદુભાઈ પામી ગયા અને તેમણે આ જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી, આગળ ઉપર તેઓ હરિઃૐ આશ્રમના **ટ્રસ્ટીપદે પણ નિયુક્ત થયા.** આ પ્રસંગ બન્યા બાદ તા.૨૩-૧૨-૧૯૫૭ના રોજ શ્રીમોટાએ ચંદુભાઈને પોસ્ટકાર્ડ લખ્યો હતો તે અક્ષરશઃ આ મુજબ છે.:-

તા.૨૩-૧૨-૧૯૫૭

પ્રિયભાઈ ચંદુભાઈ તથા બહેન શારદા,

જત, ભગવાનની કૃપાથી સહજમેળે ને આપમેળે આપણે પરસ્પરને મળવાનું થયું છે, તે જીવનમાં ભગવાનની ભાવનાને પ્રેરવવા ને કેળવવાને માટે બનેલું છે. એની કૃપાથી અમારી પાસે તો કશું નથી. એકમાત્ર એના નામનો વેપાર છે. **જાતે અને ગુણે આપણે તો રંગારા રહ્યાં. એટલે એના રંગનો પાસ લાગે તો જ જીવનમાં સાચી કમાણી થાય.** બધુંયે કરતાં કરતાં શ્રીભગવાનની ભાવના પ્રગટતી રહે તો કંઈ કશામાં લેપાયમાન થવાય નહિ. એ કાજે જ આપણું તો મળવાનું શ્રીભગવાનની કૃપાથી બનેલું છે. ભાઈ સોમાભાઈ (દેહસંબંધે શ્રીમોટાના નાના ભાઈ સં.) એ મને તો ઘણીયેવાર તમારે ત્યાં લઈ આવવાને માટે ખાસ કહેલું. પરંતુ એ તો એની કૃપા થાય ત્યારે જ એવો સુયોગ પ્રાપ્ત થાય. આપણી જ્ઞાતિમાં આ જીવની સ્થિતિ તો ઘણીઘણી આર્થિક તંગીની છે, પરંતુ પ્રભુકૃપાથી એણે કૃપા કરીને એના નામનું રટણ પળેપળ લેવાયા કરાય એવા પવિત્ર સ્થળમાં મળાયું. કંઈક કલ્યાણ એની કૃપાથી થવાનું હોય તો થાય, એવા હેતુની સમજણથી આશ્રમની પ્રવૃત્તિ ઉપાડેલી છે. ભાઈ કુબેરદાસ ગયા અને એની મદદ અમને ઘણી મોટી હતી અને આપણી જ્ઞાતિમાંથી તો અમને કોઈ ઓળખતું પારખતું નથી, પરંતુ તમારા જેવાનો કૃપા કરીને ભગવાન મેળાપ કરી આપે છે તે એની મોટી કૃપા છે. બાકી, તમારું નામ તો ઘણા વખતથી સાંભળેલું અને તમારા વિશે ભાઈ સોમભાઈએ ઘણીવાર મને વાતો કરેલી, પરંતુ ભાઈ કુબેરદાસના ગયા પછીથી આપણો આવો ભાવનાવાળો મેળાપ થયો એમાં કોઈક ગૂઢ સંકેત હોવો જોઈએ. તમે બુધવારે શારદાબહેનની સાથે આવવાના છો તે પણ ઘણી સારી વાત છે. ભાઈ સોમભાઈ અને ભગવાનદાસ પણ તે દિવસે અહીં નડિયાદમાં જ હશે. ભાઈ ભગવાનદાસ તો કદાચ તમારી સાથે અહીં આશ્રમમાં પણ આવે. મેં એને વાત કરી રાખી છે. એ જ લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

તા.ક. શારદાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ.

★ ★ ★

ઉપરોક્ત પ્રસંગને જોતાં આપણને પાંચસો વર્ષ પહેલાં વ્રજમાં બનેલી શ્રીઠાકોરજીની એક લીલા યાદ આવે છે. 'શ્રીનાથજી બાવાનું શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી સાથેનું પ્રથમ મિલન' સમગ્ર ઘટનામાં શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરે છે કે હું શ્રીગોવર્ધન પર્વત પર બિરાજમાન છું. તું મારી પાસે આવ. આવી જ રીતે શ્રીમોટાએ ચંદુભાઈ ભાવસારને આજ્ઞા કરી કે હું નડિયાદના આશ્રમમાં બિરાજમાન છું. તું મને મળવા આવજે. પરમ કૃપાળુ પરમાત્માના ખૂબ જ કૃપાપાત્ર અધિકારી જીવોને જ આ રીતે પ્રભુ પ્રત્યક્ષ થતા હોય છે. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીનાથજીબાવાની સમગ્ર સેવાની જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી. તેવી જ રીતે ચંદુભાઈએ શ્રીમોટાના આશ્રમની સંભાળ રાખવાની જવાબદારી ઉપાડી લીધી અને પૂજ્યશ્રીએ તેમના રંગે રંગી લીધા.

શ્રીમોટા સાથે પ્રથમ મુલાકાત થયા બાદ થોડા દિવસ પછી ચંદુભાઈએ સપરિવાર નડિયાદ હરિઃૐ આશ્રમે જવાનું નક્કી કર્યું. અગાઉથી જાણ કરેલ હોવાથી મોટાએ આશ્રમના રસોડે પ્રસાદ લેવાનું સૂચન કરેલું. ભોજનના સમયે પ્રણાલી પ્રમાણે શ્રીમોટા, રસોડાની બહાર ચોકમાં તેમના ટેબલ ખુરશી પર બિરાજમાન થયા. તેમની પાસે જમીન પર સૌ સ્વજનો પ્રસાદ લેવા ગોઠવાયાં. પૂજયશ્રીએ પ્રાર્થના બાદ ભોજન શરૂ કર્યું. ચંદુભાઈનાં ધર્મપત્ની શ્રીમતી શારદાબહેન પણ પ્રસાદ ગ્રહણ કરતાં હતાં. તે દિવસે ભોજનમાં રાબ હતી. શારદાબહેનને રાબ

ભાવતી ન હોવાથી તેમણે સહેજ આંગળી બોળીને પ્રસાદી તરીકે જરાક રાબ મોંમાં મૂકી. શ્રીમોટા આ બધું જોતા હતા. તેમણે તરત જ શારદાબહેનને સૂચના આપી કે 'તારી રાબની વાટકી મને આપી દે', શારદાબહેને કહ્યું કે 'મોટા, આ તો મારી એંઠી છે' પરંતુ મોટાએ તો વાટકી મંગાવીને આખે આખી ગટગટાવી દીધી. સૌ સ્વજનો જોતાં જ રહી ગયાં. આમ, સંતોની લીલા ન્યારી હોય છે. તે સામાન્ય માણસથી કદી કળી શકાતી નથી. આ પ્રસંગને જોતાં આપણને ભગવાન શ્રીરામે શબરીબાઈનાં એઠાં બોર ખાધેલા તે પ્રસંગ યાદ આવે છે. શ્રીમોટા પણ આપણને તેમની લીલાઓ વડે આનંદિત કરે છે. પૂર્વજન્મનાં કંઈક પુણ્યોના પ્રતાપે ચંદુભાઈને શ્રીમોટા, શ્રીકૃષ્ણ સ્વરૂપે સાક્ષાત્ થયા અને શ્રીમતી શારદાબહેનને શ્રીરામ સ્વરૂપે સાક્ષાત્ થયા. ભાવસાર જ્ઞાતિનાં સત્તાવીસ ગામ ભાવસાર કુળમાં જન્મેલાં આથી જ્ઞાતિના ઋણાનુબંધ પણ આ સંબંધમાં કંઈક અંશે મહત્ત્વ ધરાવતું હોવું જોઈએ.

આશ્રમની જવાબદારી માથે લીધા પછી ચંદુભાઈ વારંવાર અમદાવાદથી નડિયાદ મુકામે જવા લાગ્યા. આશ્રમને જરૂરી ચીજ-વસ્તુઓ, સીધુંસામાન વગેરે સમયસર પહોંચાડતા. જ્યારે જ્યારે આશ્રમ જવાનું હોય ત્યારે અમદાવાદની શાકમાર્કેટમાંથી પોતે જાતે વીણીવીણીને તાજાં શાકભાજી ખરીદતાં અને ક્યારેક તો શાક ભરવા માટેની થેલી સાથે ના હોય તો બજારમાંથી નવી ખરીદીને પણ તેઓ શાકભાજી ખરીદતાં. વાર તહેવારે શ્રીમોટા માટે શારદાબહેન તથા તેમના બહેન મધુબહેન તથા અન્ય બહેનો વડાં, ઢેબરાં, મઠિયાં, ચેવડો, પાપડ-પાપડી, મગસ જેવા નાસ્તા તૈયાર કરતાં અને ડબ્બાઓમાં ભરી માથે મૂકીને અમદાવાદથી ટ્રેનમાં નડિયાદ આશ્રમે લઈ જતાં. શ્રીમોટાને શારદાબહેનના હાથે બનાવેલાં મઠિયાં અને વડાં ખૂબ જ ભાવતાં, આથી જ્યારે જ્યારે તેઓ નડિયાદ મુકામેથી દક્ષિણ ભારતમાં કે મુંબઈ તરફ જવાના હોય તો અગાઉથી ચંદુભાઈને જાણ કરતાં કે 'શારદાને કહેજે કે મારા માટે નાસ્તો બનાવી રાખે'. ઘણીવાર અમદાવાદના રેલવે સ્ટેશન પરથી બારોબાર શ્રીમોટાને જવાનું હોય તો ટિફિન બનાવીને પણ પહોંચતું કરતાં. શરૂઆતમાં ચંદુભાઈ ટૅક્સી કરીને વારેવારે આશ્રમે જતાં, પરંતુ શ્રીમોટા તેમને વારંવાર ટકોરતાં કે 'તારે અહીં આવવું હોય તો ટ્રેનમાં કે બસમાં જ આવવાનું, ટૅક્સી કરીને નહિ, ત્યાર બાદ તેમણે ટ્રેન કે બસમાં જવાનું શરૂ કર્યું, પરંતુ નડિયાદ રેલવે સ્ટેશનથી ઘોડાગાડી કરીને આશ્રમે જતા, બસનો ઉપયોગ ઓછો કરતા. આથી શ્રીમોટાએ એક વખત શ્રી ચંદુભાઈને પરચો બતાવેલો. ચંદુભાઈએ નડિયાદના સ્ટેશનેથી ઘોડાગાડી ભાડે કરીને તેમાં બેઠા. ઘોડાગાડીવાળાને આશ્રમે લઈ જવાની સૂચના આપી. ઘોડાગાડી-વાળાએ લાકડી વડે ઘોડાને ચલાવવાનો ઈશારો કર્યો પરંતુ ઘોડો તેના આગલા બે પગ ઊંચા કરીને હણહણાટી કરવા લાગ્યો. ખૂબ જ સોટીઓ મારવા છતાં ઘોડો તેની જગાએથી ખસ્યો નહિ. આથી, શ્રી ચંદુભાઈ સમજી ગયા કે પૂજ્યશ્રીની આજ્ઞા નહિ માનવાનું આ પરિણામ છે. તેમણે તો તેમની પાસે રહેલાં સીધુંસામાન અને શાકભાજીનાં થેલા લઈને ચાલવાનું શરૂ કર્યું. થોડા અંતર પછી એક ભાઈએ તેમને કહ્યું કે લાવો થોડો સામાન મને આપી દો. હું તમારી સાથે સાથે આવું છું. ચંદુભાઈએ થોડોક સામાન તે ભાઈને આપ્યો અને આશ્રમની વાટ પકડી. હરિઃૐ આશ્રમના દરવાજે પહોંચતા થેલા બાજુમાં મૂકીને મજૂરીના કંઈક પૈસા આપવાના હેતુથી ચંદુભાઈએ પાછળ જોયું તો સાથે આવનાર ભાઈ અદશ્ય થઈ ગયેલા. બધો જ સામાન સલામત હતો પણ ગેબી મદદ કરનાર ભાઈ અદશ્ય હતા.❑

## (૧૦) હું આનંદની ભીખ આકાશ પાસેથી માગતો

દાસાનુદાસ-દયાનંદતીર્થ

મને મારા જીવનનો એક પ્રસંગ બહુ જ યાદ આવે છે. મૂળી(કાઠિયાવાડ)માં શ્રીસ્વામીનારાયણના મંદિરમાં જોગી સ્વામી કરીને એક સંત રહેતા હતા. બાળપણથી મારે તેમનો સહવાસ હતો. છતાં પણ મારી પુખ્ત વયે તેમણે મને એક વખત એક મુદ્દાની વાત કરી : **'તું મારા પગે હાથ અડાડીને કશું જ પામી શકવાનો નથી. પણ તારા હૈયાને હાથ અડાડીને શાંત ચિત્તે સ્થિર થઈશ તો, તારે કેમ વર્તવું તે બાબતની અંતર્વાણી તને તારા હૈયામાંથી સાંભળવા મળશે.** જગતના વ્યવહારની, દેહની અને મન-બુદ્ધિની આસક્તિઓના પડદા તો તારા હૈયે વળગેલા છે, ત્યાં જ દીવાસળી ચાંપને ! મારા પગે શા માટે હાથ અડાડે છે ?' આવી વાતો જ્યારે તે ખૂબ જ મસ્તીમાં હોય, ત્યારે જોરશોરથી બોલી નાખતા, પણ તેમની વાણી વ્યક્તિગત હતી. ઝાઝાં માનવીઓનાં ટોળાંને ઉદ્દેશીને આવી વાતો તેઓ કદાપિ કરતા નહિ. જેને જેવું દરદ તેને તેવી દવા. જે સાધક જે સ્થિતિએ પહોંચ્યો હોય, તે સાધક સાથે તે સ્થિતિને યોગ્ય જ વાત કરતા. વંદન હો એવા સાચા સંતોને ! તેઓની દિવ્ય ભાવનાઓને !

કોઈ દેવમંદિરમાં જઈને હું મૂર્તિની સન્મુખ સ્થિર ચિત્તે બેસતો ત્યારે તે મૂર્તિમાંથી જાણે દિવ્ય શાંતિ અને દિવ્ય આનંદના ફુવારા ઊડી રહ્યા છે એવું લાગતું. ત્યારે હું મનોમન તે મૂર્તિને પ્રાર્થના કરતો કે, હે જડ દેખાવા છતાં અનંત ચૈતન્યશાળી પ્રભુ ! મને પણ તારા જેવો જડ બનાવી દે. **પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ કેવળ જડ બનવામાં જ રહેલી છે.** હાલ મને જરા તરા જે આનંદ પ્રાપ્ત થાય છે તે જડ જેવા બનીને, જડ એવા તારા સ્વરૂપને ગાંડીઘેલી પ્રાર્થના કરવાથી જ પ્રાપ્ત થાય છે.

શરૂમાં જ્યારે હું આબુરોડ રહેતો ત્યારે સામે દેખાતા આબુના પહાડ સામે જોઈને કાલાવાલા કરતો કે, હે આબુરાજ ! તું જ મારો ગુરુ, તું જ મારો ઈશ્વર, તું જ મારો મિત્ર છે. હું કોને પૂછું ? કોને કહું ? શું કહું ? મને અભણને કંઈ જ કહેતાં કે પૂછતાં આવડતું નથી, પણ મારું હૃદય ખરેખર તને ચાહે છે. તું પણ મારા તરફ ચાહના રાખીને મને મારા યોગ્ય માર્ગદર્શન આપજે, મારા અંતરના ઊંડાણમાં સદાય તારું સ્થાન સ્થાપજે.

પછી તો મને જે સંતોનો મેળાપ થયો તે જડ જેવા, પાગલ જેવા અને પોતાની જ મસ્તીમાં મસ્ત રહેનારા હતા. તેઓ તરફથી મળતું માર્ગદર્શન સીધું, સાદું અને સરળ વાણીમાં હતું, છતાં પણ તેમના જીવનના નિચોડરૂપ હતું અને ઝટ સમજાઈ જતું. એટલું જ નહિ પણ, તરત જ જીવનમાં ઊતરી જતું. મને એમ થતું કે, ભલે બધાં શાસ્ત્રો ભણીને સાધુ, બ્રહ્મચારી અને આચાર્ય થતા હોય, પણ સાચી સાધુતા, સાચું બ્રહ્મચર્ય અને સાચું આચરણ તો હું આ રીતે જ મારા અંતરના અવાજથી જીવીશ અને વિશાળ દૃષ્ટિ કેળવીશ તો નક્કી પામી શકીશ. અલબત્ત, સહેજે પ્રાપ્ત થતા એવા સંતોની પૂજ્ય ભાવથી હું સેવા કરતો, પણ **આનંદની ભીખ તો હું એકાંતમાં બેસીને આકાશ પાસેથી જ માગતો.** આકાશમાં બધું જ છે અને એ આકાશ તારા નાભિના આકાશને અડેલું છે. માટે, નાભિમાં ઊતરી જા. નાભિમાં જવા માટે તું તારા શ્વાસનો આશરો લે- આ વાક્ય મારો આત્મા મને ઘડી ઘડી કહ્યા જ કરતો. બસ, છેલ્લી એક જ પ્રાર્થના છે : હે પ્રભુ ! આ બધી જ વાતોનું મને વિસ્મરણ થઈ જાઓ.❑

'ફૂલમાળા', પ્ર.આ., પૃ.૯

## (૧૧) સ્વભાવવશ કર્મોથી જીવનવિકાસ શક્ય નથી

શ્રીમોટા

**જીવનવિકાસને કાજે આપણે તો સાચો ભેખ લેવાનો છે. ભેખ લીધા વિના સાચા, ખરા ને પૂરા પ્રાણ સાધનામાં પ્રકટી શકવાના નથી.**

'ગુરુકૃપાથી જે તે બધું થઈ જશે' એવી મિથ્યા ભ્રમણામાં કોઈ પડી રહેશો નહિ. આપણે આપણા ભાગે આવેલ સકળ કર્તવ્ય જીવનવિકાસના ભાવે પૂરેપૂરું કરી ચૂકવામાં જ સમસ્ત ને સમગ્ર જીવનને ફના કરી નાખીએ. પછી જુઓ શું થાય છે ! તો આપણે આપણા ભાગે આવેલું હૃદયના ઉમળકાથી, ઉમંગથી જો કંઈ જ કશું નહિ કરી શકીએ, તો તો પછી પેલાનું લાખોગણું કામ કર્યા કરતાં હોઈશું, તો તે પણ કશા ખપમાં આવી શકવાનું નથી. તે નિશ્ચે જાણશો. કારણ કે તેનાં તેવાં બધાં કામ આપણે બધાં જીવ હોવાથી પોતપોતાની પ્રકૃતિની રીતે જ ને સ્વભાવ પ્રમાણે જ કર્યા કરવાનાં છીએ. **તેથી તેવાં કામોથી પણ આપણે ઊંચે આવી શકવાનાં નથી.** કિંતુ તેનાં તેવાં તેવાં મળેલાં કર્મમાં સાધનાની ભાવના રાખી, 'સદ્‌ગુરુનાં છે' એમ જ્ઞાનપૂર્વક સમજી સમજી તેવાં કર્મને ઉત્તમમાં ઉત્તમ રીતે બની શકે તેવી કળા પ્રકટાવી પ્રકટાવી, તે કર્મોને સાંગોપાંગ પાર ઉતારીને, તે તે બધું પ્રેમભાવે એને જ પાછું સમર્પણ કર્યા કરવાનું જીવતું જાગતું જ્ઞાનભાન પ્રકટાવતાં રહીએ, તો તેવાં સોંપાયેલાં કામ પણ યજ્ઞસ્વરૂપે જ પ્રકટ્યાં કરે ને એવી રીતે ને એવી ભાવનાથી કરાયેલાં યજ્ઞકર્મ જીવનની પ્રકૃતિને પલટાવવાને શક્તિરૂપે બની જતાં હોય છે.

જે જીવ એવાં કર્મમાં પણ મડદાલપણે વર્ત્યા કરતો હોય, ત્યારે અમને શું શું નહિ થતું હોય ? તોપણ **પ્રભુકૃપાથી જે જીવે જાણેઅજાણે અમારો સંગ કર્યો છે, તેની જીવદશાની કક્ષામાં પણ ઊંચો તરતો રહે, તેવા પ્રકારના સંસ્કાર તેને પડ્યા કરે તેવાં કર્મમાં તેને પ્રવર્તાવ્યા કરવાનું બન્યા કરે છે.** અમને દિલગીરી એટલી જ થાય છે કે તેવા જીવો તેવા કાળે તેમાં ઊંચા પ્રકારની ભાવના જીવતીજાગતી તરવરતી રાખી શકતા નથી. જે તે બધાં અમારો દોષ કાઢે છે, 'કેમ તમે અમને કાદવમાં રગદોળાતાં રગદોળાતાં જોયા કરો છો, ને અમને ઊંચે કેમ નથી લેતા ?'

એમને શો જવાબ આપું ? સદ્‌ગુરુ કે એવા ઉચ્ચ આત્માઓ આપણી કને જે પ્રેમભક્તિજ્ઞાન માગી લે છે, તે કંઈ તેમને તેમને ભોગવી ભોગવી વૈભવવિલાસમાં રમ્યા કરવાને તો નથીને ? તેમનો આપણા પરત્વેનો સતત પ્રયાસ કેવા પ્રકારનો છે તે તો ભલા જુઓ !

જે જે જીવો જેવા જેવા પ્રકારના છે, તેમને તેમને તેમના તેમના સ્થાનેથી ઊંચકવા તેણે કેવા કેવા પ્રયત્નો કરેલા છે, તેનો કૃપા કરીને બધાં સ્વજનો તમે ઇતિહાસ જુઓ. તટસ્થતાથી, શાંતિથી એનો અભ્યાસ કરી જુઓ, તો તમને સાચી શી હકીકત છે તે જણાશે, તો પછી અમને ગોદાટી કરવાં કરતાં તમે પોતે પોતાને જ ગોદાટી કર્યા કરોને ! તેમાં લાભ તમને અમને બંનેને છે.

મન પ્રમાણે જોવા જતાં તો કદી આરો આવવાનો જ નથી, કારણ કે મન તો પરિમિત છે. તે સુખ વ દુઃખ, આસક્તિ વગેરે દ્વંદ્વના પ્રકારને જ વશ હોય છે. મનને સંપૂર્ણ લય પમાડી શકાય તો તો જીવ પ્રકૃતિમાં ઊઠતી સર્વ પ્રકારની દ્વંદ્વની વૃત્તિથી પર થઈ જ શકાય છે, તે નિર્વિવાદપણે અનુભવની વૃત્તિથી પર થઈ જ શકાય છે, એમ તમને પ્રભુકૃપાથી છાતી ઠોકીને કહું છું. ❏

'જીવન પોકાર', બી.આ.,પૃ.૧૬૨

## (૧૨) કવિ રહીમના દોહા

**અનુ. મહેન્દ્ર ગુપ્તા**

[ મુંબઈ નિવાસી હાલ સદ્‌ગત શ્રી મહેન્દ્ર ગુપ્તાએ રહીમના કેટલાક દોહાનું ગુજરાતીમાં ભાષાંતર કરેલું, સને. ૨૦૦૪માં 'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા તેની નાની પુસ્તિકા પ્રકાશિત કરી, તે સમયના 'હરિભાવ'ના ગ્રાહકોને ભેટ અપાયેલ. તેમાંથી કેટલાક દોહા અત્રે પ્રસ્તુત છે.-સં. ]

(૧)

રહીમ પ્રેમગલી અતિ સાંકડી, તામેં ન દો સમાય,
આપ તો હરિ નહિ, હરિ તો નહિ આપ.

(૨)

નયને વસી છબી પ્રીતમની, બીજું ન દેખે કંઈ,
મનમાંહે રહીમ પ્રભુ દેખી, માયા જાય ફરી,

(૩)

રહીમ શા રે કામની વૈકંઠે કલ્પવૃક્ષછાંય,
પ્રીતમ જો હોય પાસ, સુખદાયી બાવળ છાંય.

(૪)

રહીમ મેં તો કીધી પ્રીત, પણ નાથને ન સ્વીકાર્ય
એના મિત્રો અગણિત, મુજ ગરીબની શું વિસાત ?

(૫)

નિરંતર નગારા વિદાયના, વાગતા રહે રહીમ,
સંસારમાં આવી કોઈએ, નથી કર્યો મુકામ.

(૬)

જે વીતે આ દેહ પર, સહી લેવું રહીમ,
ધરતી કેવી સહી લેતી, વર્ષા, તાપ, ને શીત.

(૭)

દિલનું દુઃખ રહીમ, રાખવું મનમાં છુપાવી,
સાંભળી લોક હસે, ભાગ લેવા ન આવે કોઈ.

(૮)

વિના માન સન્માન, આપે તોય ન પીવું અમૃત,
પ્રેમે આપેલ ઝેરથી, રહીમ મરવું ઉચિત.

(૯)

ખરાબ દિવસો આવે રહીમ, ન કરવી ફરિયાદ,
દિવસો સારા આવશે, ભાગ્યને ફરતા ન લાગે વાર

(૧૦)

સમય આવે ફળફૂલ થાય, સમય આવે ખરી જાય,
સમયની ગતિ જાણે રહીમ, તે કદી ન પસ્તાય.

(૧૧)

મોટાના મોહમાં, નાનાને અવગણીએ નહિ,
સોયનું કામ રહીમ, તલવારથી સરે નહિ.

(૧૩)

ધન્ય રહીમ પાણી કાદવનું, જે પી, જંતુઓ તૃપ્ત થાય,
શા રે કામની બડાઈ સાગરની, જ્યાંથી લોક તરસ્યા જાય.

(૧૪)

રહીમ, જીભ રહે ન સખણી, કરતી ઊલટી સીધીવાત,
પોતે તો સલામત મુખમાં, ખાસડાં ખાય કપાળ.

(૧૫)

લક્ષ્મી તો ચંચલ રહીમ, મૂર્ખ જ માને મારી મારી,
એ તો પત્ની નારાયણની, કેમ રહે કોઈની થઈ ?

(૧૬)

પેટને કહે રહીમ, તું કેમ થયું ન પીઠ ?
ખાલી રહે કરે પાપ, ભરાયે બગડે મન !

(૧૭)

તું કહે છે કે રહીમ, જેવી સંગત તેવા ગુણ,
તો શેરડી સાથે ઊગતા, ખડમાં કેમ ન આવે રસ ?

(૧૮)

રહીમ મન કાબૂમાં હોય જો, તો મન અભડાય નહિ,
પડે પાણીમાં પડછાયો, તોય કંઈ કાયા ભીંજાય નહિ.

❑

'કવિ રહીમના દોહા', પ્ર.આ.માંથી સાભાર (સંકલન)

# (૧૩) 'પ્રેમ' બંધનકર્તા ને મુક્તિદાતા-શ્રીમોટા

કલ્પના વકીલ

અમારાં લગ્નને ૨૫ વર્ષ થયાં તેથી થયું ચાલ, 'પતિદેવને સરસ પત્ર લખું' પ્રિય... આપણા લગ્નબંધનને ૨૫ વર્ષ થયાં. આટલું લખ્યું ત્યાં તો મન આડફંટે ચડ્યું. લગ્ન એટલે 'પ્રેમનો પર્યાય શબ્દ'. પ્રેમને બંધન કેમ કહ્યું હશે ? બંધન તો મુક્તિનું વિરુદ્ધ. બંધન એટલે ગૂંગળામણ. ગુનેગારને સજા આપવી હોય ત્યારે બંધનમાં રાખવામાં આવે. આબાલ વૃદ્ધ કોઈને બંધન ગમતું નથી. કનૈયો માખણ ચોરી કરતો ત્યારે યશોદામૈયા તેને બાંધી દેતા. કનૈયાને પણ બંધન સ્વીકાર્ય ન હતું.

ચાલ, મન, તારા સવાલોના જવાબ હંમેશની જેમ તારા સદ્‌ગુરુ જ આપશે. પૂજ્ય શ્રીમોટાનું **'દાંપત્યભાવના'**નું પુસ્તક ખોલ્યું. પ્રથમ પાના પર જ ઉત્તર હાજર ! :-

એકલા સચેતન નહિં પણ અલ્પચેતન અથવા આપણે જેને જડ કહીએ છીએ તેવા પદાર્થો પણ પ્રેમબદ્ધ છે. આ કંઈ કોઈ તરંગી કવિનો કલ્પના વિહાર નથી પણ શુદ્ધ સત્ય હકીકત છે. પૃથ્વી અને બીજા ગ્રહો પરસ્પરના અને સૂર્યના આકર્ષણથી અને તારાઓ એકબીજાના આકર્ષણથી સ્વસ્થાન અને સ્વમાર્ગથી ચ્યુત થતા નથી અને તેથી સૃષ્ટિનો ક્રમ ચાલ્યા કરે છે. પૃથ્વી ઉપર પણ દરેક જડ પદાર્થને પૃથ્વીનું આકર્ષણ છે. તેથી જ તે પૃથ્વી પર રહી શકે છે. **આખું વિશ્વ કોઈ નિગૂઢ, અદૃષ્ટ સાંકળથી એકબીજા સાથે જોડાઈ રહ્યું છે.** પછી તેને સાપેક્ષવાદનો નિયમ (law of Relativity) કહો કે બીજું કોઈ નામ આપો. એ નિયમ નિયમ હોવાથી સૂક્ષ્મ છે પણ તેથી જ તે એટલો શક્તિશાળી છે કે સમસ્ત વિશ્વમાં તે વ્યાપ્ત છે. આ નિયમ પણ પ્રેમનું જ સ્વરૂપ છે, કેમ કે **પ્રેમ એટલે એકબીજાને જોડનાર સૂક્ષ્મ સાંકળ નહિ તો બીજું શું છે ?** વળી, આગળ પૂજ્યશ્રીએ સમજાવ્યું છે કે, પ્રેમ ત્યાં જ હોઈ શકે કે જ્યાં પ્રેમી હોય અને પ્રેમપાત્ર હોય - એટલે કંઈક બીજું હોય, પણ પ્રેમ એ પ્રભુનું તત્ત્વ હોવાથી તેમાં ઊર્ધ્વગતિ સાહજિક છે, તેથી જ એ દ્વૈતમાં પણ અદ્વૈતનો આદર્શ, તે પ્રતિ વેગવાળું કે ધીમું - ભાનપૂર્વક કે સ્વભાવવશ થઈને થતું પ્રયાણ અને અદ્વૈતમાં લય કે સંમિલન. આ બધું પ્રેમમાં નિગૂઢ રીતે કે આવિર્ભૂત સ્વરૂપમાં રહેલું છે. આમ **પ્રેમ એ જોડનાર - બાંધનાર સાંકળ પણ છે અને મુક્તિ અપાવનાર સાધન પણ છે.** ખરી રીતે સાચો પ્રેમ એવી સાંકળ છે કે જે મુક્તિનું જ સ્વરૂપ છે. માનવી જેની સાથે તે પ્રેમની સર્વ શક્તિમાન સાંકળથી બંધાયો હોય તેની સાથે એ 'છૂટ'થી વર્તી શકે છે. પરમ ચૈતન્ય સાથે બંધાયેલો દેહધારી એટલે જીવન્મુક્ત. એટલે જ જે પ્રેમ દ્વૈત વગર અશક્ય છે તે જ દ્વૈત તેના જીવન્મુક્ત શુદ્ધતમ રૂપમાં અદ્વૈત જ છે.

પ્રેમ આપણને શુદ્ધ કરે છે, કેમ કે પ્રિયજનને ખાતર આપણી સર્વ મનીષાઓ અને માન્યતાઓ ત્યાગ માગી લે છે. **પ્રેમ હોય ત્યાં 'હું' અને 'મારું' રહેતું નથી.**

પૂજ્યશ્રીની આટલી વાણી વાંચતાં મન ગદ્‌ગદીત થઈ ગયું. વહાલા મોટાએ વિશ્વસ્તરે પ્રેમબંધનનો નિયમ સમજાવ્યો. પ્રેમબંધનથી 'હું'કાર અને દ્વૈતપણાથી મુક્તિ મળે. એ જ પ્રેમ પરમ ચૈતન્ય સાથે બંધાય તો જીવન્મુક્ત થાય. અદ્‌ભુત ! Thank you પૂજ્યશ્રી આપે મને પ્રેમબંધનનો દિવ્ય અર્થ સમજાવ્યો. મારા સદ્‌ગુરુને કોટિ કોટિ વંદન.❑

## (૧૪) વિવેકશક્તિ, તર્ક અને લાગણીનો સમન્વય કરે છે

શ્રીમોટા

પ્રભુ આપણી પાસેથી જે જાતની દિવ્ય જીવનની અપેક્ષા રાખે છે, તેવું જીવન પ્રાપ્ત કરવા માટે વિવેકશક્તિ અનિવાર્ય છે. જુદી જુદી ચીજો કે જુદાં જુદાં વિચારો, લાગણીઓ વગેરેનાં લક્ષણો પારખીને તેમની વચ્ચેનો ભેદ જોઈ શકવાની શક્તિ, - એ એક જ લક્ષણ કંઈ વિવેકશક્તિનું નથી. એનો વિકાસ થતાં એ શક્તિ વડે વધારે જટિલ અને વધારે સૂક્ષ્મ સ્વરૂપોનાં દર્શન થઈ શકે છે, અને તે દ્વારા યોગ્ય વર્ગીકરણ કરીને તેમનું સાચું મૂલ્યાંકન કરી શકાય છે.

બુદ્ધિની આ શક્તિનો યોગ્ય રીતે વિકાસ થયો હોય એનાથી સત્યની સૂઝ પડતી જાય અને કઈ બાબતને કેટલું મહત્ત્વ આપવું તે પણ માલૂમ પડે છે. આવી સમજણ વિના સાચું જીવન અશક્ય છે.

માણસ ચતુર હોય, હોશિયાર હોય પણ તેનામાં ડહાપણ- જ્ઞાન ન પણ હોય. **સાચા જ્ઞાનનું એક મુખ્ય લક્ષણ વિવેક છે.** વિવેક ન હોય ત્યાં જ્ઞાન સંભવે જ નહિ. કેટલાક માણસો ખૂબ લાગણીપ્રધાન હોય છે, પણ વિવેકશક્તિ ઘણી ઓછી હોય છે. આનું પરિણામ ઘણું હાનિકારક નીપજે છે. કેવળ બુદ્ધિથી કે કેવળ લાગણીથી કે બંનેમાંથી એકના વધારે પડતા ઝોકથી જે જીવન જિવાય છે, તે વિવેકશક્તિ ત્યાં ન હોવાથી અપૂર્ણ જ છે.

વિવેકશક્તિ તો એક ન્યાયાધીશની અને પછી શ્રીકૃષ્ણ જેવા સારથિની ગરજ સારે છે. અમુક વિચાર કે વૃત્તિ, લાગણી કે ભાવ, કે અમુક વર્તન યોગ્ય છે કે નહિ એવો પ્રશ્ન થાય ત્યારે વિવેકશક્તિ તેની વહારે ધાય છે. એ પ્રશ્નની તરફેણનાં ને વિરુદ્ધનાં લક્ષણોની તુલના કરી એક ત્રીજી વ્યક્તિ તરીકે તટસ્થતા ધારણ કરી નિર્ણય કરે છે.

વિવેકયુક્ત મનોદશા અને વર્તન માટે જે તટસ્થતાની જરૂર છે, તે તટસ્થતા અનાસક્તિ વગર અસંભવિત છે. અનાસક્તિ મેળવવા માટે આપણે આપણા મનના વળાંકો પ્રમાણે ચાલવાનું મૂકી દેવું પડશે અને દરેક પ્રશ્ન, પ્રસંગ કે વ્યક્તિ પરત્વે તે અંગેની જે સાચી હકીકતો હોય તે જ જોતાં શીખવું પડશે.

જીવનમાં એવા અનેક પ્રસંગો આવે છે, કે જ્યારે આપણે લાગણીનાં પૂરમાં એક લાકડાની માફક તણાયા જઈએ છીએ. આપણને કલ્પના પણ ન હોય એવી રીતે આવી લાગણીઓ આપણને પોતાની માયાજાળમાં ફસાવે છે ને આપણો સર્વનાશ કરે છે. એટલું જ નહિ પણ એનું ભાન પણ આપણને રહેતું નથી. આવી **લાગણીથી વિવશ બનવું એ માનવીના વિકૃત સ્વરૂપની નિશાની છે.**

મનુષ્યમાં અંતર્ગત રહેલા પરમાત્મતત્ત્વનો પૂર્ણ આવિષ્કાર થવામાં લાગણીનું આવરણ અવરોધ કરે છે, પણ કદાચ વિશેષ અવરોધ તો બુદ્ધિનું આવરણ કરે છે. બુદ્ધિ, **લાગણી કરતાં પણ વધારે આગ્રહી અને વધારે લાંબો કાળ પોતાનું જીવન ટકાવવાની શક્તિવાળી છે.** બુદ્ધિની પકડ લાગણીની પકડ કરતાં વધારે મજબૂત છે.

વિવેકશક્તિ બળવાન છે, તેનું લક્ષણ દૃઢતા છે. કેવળ તર્કશક્તિ શંકા જ ઉપજાવે, કેવળ લાગણીઓ આપણને ક્યાંના ક્યાંય ઘસડી જાય છે,પણ વિવેકશક્તિ આપણી સહાયે આવીને એ ત્રણ શક્તિઓનું યોગ્ય પ્રમાણમાં સંમિલન કરે છે.

**'પીળું એટલું બધું સોનું નથી.'** એ કહેવતની યથાર્થતા વિવેકશક્તિ સિદ્ધ કરે છે. આ ગુણ કેળવવો એ આપણા હાથની વાત છે. વિદ્યાની માફક તે પણ વપરાશથી વધે છે. ❑

'જીવન સંદેશ', બી.આ.,પૃ.૧૪૩

## (૧૫) સાવલીના સ્વામીજીએ ધાબાડુંગરીનું કરેલ નવનિર્માણ

પુરુરાજ જોષી

તા. ૧૯ ઑક્ટોબર, ૧૯૭૭

આજે એક બહુ મોટી ઘટના બની. સ્વામીજી મને એમની સાથે ધાબાડુંગરી પર થઈ રહેલા નવનિર્માણની વાતો રસપૂર્વક કરતા હતા. એમની વાતો સાંભળીને ધાબાડુંગરી જોવા જવાનું મન પણ હતું. ત્યાં આજે તો સ્વામીજીએ, પૂછ્યું.'તમે ગયા છો ધાબાડુંગરી ? મેં કહ્યું, 'ના જી' તો કહે આજે બપોરે અમે જવાના છીએ-અમારી સાથે આવવું હોય તો આવી જજો - બપોરે અઢી ત્રણ વાગ્યે.

સ્વામીજીની સાથે જવાના ઉત્સાહમાં બપોરે જમ્યા પછી થોડું ઊંઘી જવાની ટેવને પરહરી હું અઢી વાગ્યે મંદિરે પહોંચ્યો. મંદિરના દરવાજા પાસે લીલી એમ્બેસેડર તૈયાર હતી. સ્વામીજીએ કહ્યું એટલે પાછળની સીટ ઉપર બેસી ગયો. સ્વામીજીએ પાછળ ફરીને કહ્યું 'પહલે બરોડા જાયેંગે. ફિર વહાં સે ધાબાડુંગરી જાયેંગે'. રસ્તામાં સ્વામીજીએ થોડું ઊંઘી લીધું.

વડોદરા ભૂતડીઝાંપા પાસે ચીમનભાઈ અમીનની ઑફિસે ગયા. સ્વામીજી આવ્યા છે એ જાણીને ચીમનભાઈ અને બીજા ઘણા બધા અહોભાવપૂર્વક આવકારવા સામે આવ્યા. ઑફિસમાં ઠંડું પીણું પીધું પછી બહાર નીકળી સ્વામીજીએ મને કહ્યું, 'અમે ચીમનભાઈની ગાડીમાં જઈએ છીએ. તમે લોકો અમારી પાછળ પાછળ આવો.'

અમે સ્વામીજીની આગળ જતી ગાડીને અનુસરતા ધાબાડુંગરી પહોંચ્યા. ધાબાડુંગરી હાલોલ નજીક આવેલા પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢની આસપાસ આવેલા અનેક ડુંગરા જેવી જ છે. પણ સ્વામીજીને એ વિશિષ્ટ લાગી એટલે સરકાર પાસેથી પટે મેળવીને એક સામાજિક - ધાર્મિક કેંદ્ર તરીકે તેને તેઓ વિકસાવી રહ્યા છે.

સ્વામીજીએ અમારી સાથે ડુંગરી પર ચડતાં કહ્યું તેમ ધાબાડુંગરી સાવ વેરાન હતી. સ્વામીજીએ એના પર વૃક્ષારોપણ કરાવ્યું છે. હજારો વૃક્ષો અને ફૂલછોડ ઉછેરવામાં આવ્યાં છે. થોડા વખતમાં તો આખી ડુંગરી હરિયાળી બની જશે. સ્વામીજીએ અહીં એક સૅનેટોરિયમ અને પ્રાર્થનાહૉલ પણ બંધાવ્યા છે. અમે ઉપર પહોંચ્યા. સ્વામીજીની કુટિર જોઈ. કુટિરની પડાળીમાં ઘણા બધા લોકો સ્વામીજીની પ્રતીક્ષા કરતા બેઠા હતા. પણ સ્વામીજીએ એ તરફ જવાને બદલે સૅનેટોરિયમનાં પગથિયાં ચઢવા લાગ્યા.

સૅનેટોરિયમનો પ્લાન આંખ આકારનો હતો. એલિવેશનમાં પણ આંખનો આકાર ઊપસાવ્યો છે. જે છેક હાલોલ-પાવાગઢ રોડ પરથી પણ તરત ધ્યાન ખેંચતો રહેલો. સૅનેટોરિયમ બતાવીને સ્વામીએ કહ્યું, 'દશેરાના દિવસે સાંજે આ સૅનેટોરિયમનું ઉદ્‌ઘાટન રાખ્યું છે. રાજ્યના ગૃહમંત્રી, પંચાયત મંત્રી અને બીજા ઘણા લોકો આવવાના છે. એમાં પ્રાર્થના સે લેકર પૂર્ણાહુતિ તક પૂરા ફંકશન આપકો સંભાલના હૈ. સભાસંચાલન ભી આપ કરેંગે. ઔર આપ ભાષણ ભી કરેંગે.'

મેં કહ્યું, 'સ્વામી, હું તો સંસ્થા વિશે પૂરું જાણતો પણ નથી. હું શું ભાષણ કરું ? એટલે

સ્વામીજીએ ધાબાડુંગરીનું મહત્ત્વ, શ્રીનીલગિરિ ચૅરિટેબલ ટ્રસ્ટ અને તેના ઉદ્દેશો, ટ્રસ્ટની સામાજિક આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વગેરે વિશે ટૂંકમાં વાત કરી અને કહ્યું, 'હમ તો મિનિસ્ટરોં સે મિલના - બાત કરના પસંદ નહીં કરતે. આપ ભાષણ મેં ઉન લોગોં કો ઈસ સ્થાન કે વિકાસ કી અપની આવશ્યકતા કે બારે મેં ભી સમજાયેંગે. **લેકિન ઈતના યાદ રખના કિ હમ ઉનસે કિસી પ્રકાર કે આર્થિક સહયોગ કી અપેક્ષા નહીં રખતે.** આપણે આ જગાને જે રીતે વિકસાવવા માંગીએ છીએ તેમાં એ લોકો બાધા ન ડાલે. બસ યહી બાત સમજાના હૈ. ઔર યહ કામ આપકા હૈ !'

સ્વામીજીએ એવાં શ્રદ્ધા અને વિશ્વાસથી વાત કરી હતી કે એને વિનાવિરોધે શિરોધાર્ય ગણીને સ્વીકારી લેવી જ પડે. હાથ જોડી મેં કહ્યું, 'ભલે', પછી સ્વામીજી કુટિર તરફ ગયા. ત્યાં નીલગિરિ ચૅરિટેબલ ટ્રસ્ટના આગેવાનો સાથે દશેરાના કાર્યક્રમ વિશે થોડી વાતો કરી, સ્વામીજી સ્નાન કરવા ગયા અમે બધા લોકો પ્રસાદ લેવા. રાત્રે આઠ-સાડા આઠે સ્વામીજીની સાથે નીકળી પરત સાવલી પહોંચ્યા.

૧૨, સપ્ટેમ્બર, ૧૯૮૧

અત્યંત યાદગાર દિવસ. રોમહર્ષક અનુભવથી છલોછલ દિવસ. ગઈ કાલના જયેશભાઈ દેસાઈ આવ્યા છે. આમ  અર્થશાસ્ત્રના વિદ્વાન પણ તે ઉપરાંત એમને ફિલોસોફી, થિયોસોફી, તંત્ર, સાહિત્ય, એમ અનેક વિષયોમાં રસ. રાત્રે સ્વામીજી પાસે લઈ ગયો. તંત્રની વાત કાઢી, તો સ્વામીજીએ કહ્યું કે અમે ધાબાડુંગરી પર સૅનેટોરિયમ બાંધ્યું છે, આગળ બગીચો કર્યો છે, પણ બધું જ તંત્ર પ્રમાણે...

જયેશભાઈએ જિજ્ઞાસા પ્રગટ કરી એટલે સ્વામીજીએ કહ્યું, 'કાલે અમે જવાના છીએ. તમારે જોવું હોય તો જોષી જોડે સવારમાં અહીં આવી જાઓ'... હું ને જયેશભાઈ સ્વામીજીની સાથે ધાબાડુંગરી જવા નીકળ્યા. ધાબાડુંગરીની આ યાત્રા ઘણી બધી રીતે અવિસ્મરણીય અને આહ્‌લાદક રહી. અમે સવારે સાડા નવ વાગ્યે ધાબાડુંગરી પહોંચી ગયા.

સ્વામીજીએ પોતે ધાબાડુંગરીથી કેમ આકર્ષાયા, એની વિશેષતા શી છે, સરકાર પાસેથી આ જગા કેવી રીતે મેળવી અને કેવી રીતે વિકસાવાઈ એ બધી વાતો ખૂબ રસપૂર્વક કરી. ઓમકારેશ્વર જતાં આવતાં આ રસ્તેથી પસાર થતાં એમને હંમેશાં કશાક દિવ્ય તરંગો આવી રહ્યા હતા. એ ડુંગરી સુધી ચાલ્યા, ઉપર ચઢીને જોયું. સામે જ પાવાગઢનું શિખર દેખાતું હતું. સ્વામીજીએ અનુભવ્યું કે સાવ વેરાન લાગતી આ ડુંગરી શક્તિની આરાધના માટે ખૂબ જ ઉત્તમ જગા છે. વળી, **એમનાં દર્શનમાં એ પણ ઝિલાયું કે પુરાણા સમયમાં વિશ્વામિત્ર ઋષિએ આ જગાએ રહીને તપ કર્યું હતું.** સ્વામીજીએ સરકાર પાસેથી આ જગ્યા મેળવીને સૌ પ્રથમ તો એના પર વૃક્ષારોપણ કરાવ્યું. હજારો વૃક્ષો, હજારો ફૂલછોડથી ટેકરી હરિયાળી બની ગઈ. પછી નીલગિરિ ચૅરિટેબલ ટ્રસ્ટ ઊભું કરીને અહીં સૅનેટોરિયમ અને પ્રાર્થના ખંડ બાંધ્યા. નવરાત્રિમાં અહીં માતાજીની સ્થાપના કરી તાંત્રિક વિધિ-વિધાન પ્રમાણે દુર્ગાપૂજાનો આરંભ કર્યો. જોતજોતામાં આ અજાણી અને ધોળે દિવસે પણ ભયાવહ લાગતી ડુંગરી હજારો લોકો માટે શ્રદ્ધા અને શાંતિનું રમણીય કેંદ્ર બની ગઈ.

સ્વામીજી વાત કરતા જતા હતા અને ફરી ફરીને એક એક જગ્યા બતાવતા હતા. અહીં ઉછેરેલાં વૃક્ષો અને ફૂલછોડની પણ વાતો કરી. એક એક વૃક્ષની ઓળખ આપે અને એનું મહત્ત્વ સમજાવે. જાણે બૉટનીના વિદ્વાન વાત કરી રહ્યા હોય... ! પછી કહે આ ડુંગરીનો આકાર જોયો ? અમે હૅલિકોપ્ટર સે ઉસકા ફોટો ખીંચવાયા તો લગા યે તો તાંત્રિક આકૃતિ જૈસી હૈ. ફિર હમને સૅનેટોરિયમ કા પ્લાન ભી ઉસી આકૃતિ મેં બનાયા. સારા પ્લાન ભી ઉસી આકૃતિ મેં બનાયા. સારા પ્લાન આંખકે આકાર કા હૈ. બીચ મેં ગોલ પ્રાર્થના હૉલ હૈ, આંખકી કીકી જૈસા. આજુબાજુ બે રૂમ છે.

સામેથી જુઓ તોપણ આંખ આકાર જ દેખાશે સૅનેટોરિયમની આગળ ગુલાબનો બગીચો કર્યો છે. એ પણ આંખ આકારનો. પગથિયાંની વચ્ચે આવતી ખુલ્લી જગાને પણ અમે તાંત્રિક આકૃતિઓમાં બાંધી છે. સ્વામીજીએ તાંત્રિક આકૃતિઓની વાતો તો ઘણી જ કરી પણ એ આકૃતિઓના રહસ્યને સહેજ પણ ઉદ્‌ઘાટિત્ ન કર્યું. ક્યારેક એ મુદ્દાની નજીક આવે અને પછી તરત જ વાત બદલી નાંખે.

સ્વામીજીએ ઝૂંપડીમાં નિરાંતે બેઠાં બેઠાં હિમાલયના પોતાના અનુભવો, પોતાના ગુરુજી અને એમને શિષ્ય તરીકે સ્વીકારતા પહેલાં ગુરુજીએ કરેલી કસોટીની પણ વાત કરી. એમના દિમાગમાંથી અહંભાવ નીકળી ગયો એ પ્રસંગની પણ વાત કરી. પછી એક ખૂબ મહત્ત્વની વાત કરી : **'કિસી ભી સાધના કા પરિણામ કબ મિલતા હૈ ? જબ સાધ્ય, સાધન ઔર સાધક અલગ ન રહેતાં એક બની જાય ત્યારે જ સાધના સફળ થાય.** એ માટે સારે સંસ્કાર છોડ દેને ચાહિયે. મન-હૃદય કો એકદમ કોરી સ્લેટ બના દેના ચાહિયે. શરીર પરમ તત્ત્વના સંકેતોને ઝીલવા સક્ષમ બનવું પડે. સાધક, સાધન ઔર સાધ્ય એકરૂપ ન થઈ જાય ત્યાં સુધી બધી સાધના અધૂરી છે. એ માટે ઘણું બધું છોડતા રહેવું પડે. અનેક સંસ્કારોના આવરણ હોય એની પર બીજું કાંઈ થાય નહિ.

જયેશભાઈ કહે, 'આપના જેવા ગુરુ કૃપા કરે તો કંઈક શીખવા મળે.' સ્વામીજી હસીને કહે, 'હમ તો કુછ નહીં જાનતે' **પણ આમાં ગુરુની શોધ કરવાનીયે જરૂર નથી. પેડ પર ફલ પકતે હૈં તો પેડ માઈક લગાકર જાહેરાત નહીં કરતા હૈ કે હે પંખીઓ આવો. એ તો આપોઆપ આવી મળે.**

ગુરુ, ઈશ્વર યા પરમાત્મા તો આપણને સહાય કરવા તત્પર છે જ. આપણે બધો અહ્મ, આપણો બધો બોજ છોડીને હળવા ફૂલ થઈ જવાની જરૂર હોય છે. કૉસ્મિક પાવરના તરંગો ઝીલી શકાય એવી ક્ષમતા ઊભી કરવાની જરૂર હોય છે.

સ્વામીજી, જયેશભાઈ અને હું ત્રિકોણ આકારમાં બેઠા હતા. સ્વામીજીના શબ્દે શબ્દે મારા હૃદયમાં થતો વિશિષ્ટ ધબકાર હું અનુભવતો હતો. આખું દૃશ્ય અપાર્થિવ, સ્વપ્નિલ લાગી રહ્યું હતું. સ્વામીજીની આંખો આજે ન જાણે કેમ, વિશેષ નીલી લાગતી હતી. વેધક પણ લાગતી હતી, અંધકારને ચીરતા તેજલિસોટા જેવી...

એક ભાઈએ આવીને કહ્યું, 'જમવાનું તૈયાર છે, બાપજી !' સ્વામીજી ઊઠ્યા એટલે અનિચ્છાએ અમારે પણ ઊઠવું પડ્યું. આજે ધાબાડુંગરીના એકાંતમાં, સ્વામીજીની સાથે, બરાબર એમની સામે બેસીને જમવાનો લહાવો મળ્યો. એનોયે આનંદ સમાતો નથી. ❑

'જિજ્ઞાસુની ડાયરી',બી.આ.,પૃ.૧૩/૧૧૩માંથી સાભાર.

## (૧૬) જીવન્મુક્તિનાં સાત સોપાન-૧

**શ્રીપ્રેમ અવધૂત**

[ પૂજ્ય શ્રીરંગ અવધૂતજી (બાપજી)ના પરમ શિષ્ય બ્રહ્મલીન શ્રીપ્રેમ અવધૂતજી (બાપુજી)ની તા.૧૩ સપ્ટેમ્બરના રોજ ૮૦ મી જન્મજયંતી હોઈ, મુંબઈ ખાતે તેઓશ્રીએ જે પ્રવચન કર્યું હતું તેની પ્રકાશિત પુસ્તિકાના આધારે ક્રમશઃ અત્રે તેઓશ્રીનો શબ્દ પ્રસ્તુત કરીશું-સં. ]

**(૧) મંગલાચરણ :**

મંગલાચરણ એટલે મંગલ આચરણ. આપણા ગુરુમહારાજ જે મંગલ આચરીને, એમના જીવનમાં ઉતારીને મંગલ સ્વરૂપ બની ગયા તે, મંગલ મૂર્તિ બની ગયા તે. એનું સર્વ કાર્ય મંગલમય છે. એમણે આચરણ કરીને જે અનુભવ કર્યો એ આપણી આગળ મૂકીને કહ્યું કે, બાળકો, તમે પણ આવું મંગલ આચરણ કરીને તમારું જીવન મંગલમય બનાવો. **આચરણ વિના જે કંઈ કરીએ તે વ્યર્થ જાય છે.**

મંગલ આચરણ એ સમગ્ર જીવનનો આધાર છે. જેનું આચરણ મંગલમય છે તેનું જીવન મંગલમય બની જાય છે. **આપણે આપણી અંદર દૃષ્ટિ કરીને અંતરમાં જે કંઈ દોષ હોય એ બને તેટલા ઓછા કરીએ.** આપણે બધાંએ એ જ કરવાનું છે. તમારાં ચરણને મંગલ તરફ પ્રયાણ કરાવો. આપણે જેને જીવનનો સાર કહીએ છીએ તે મંગલ છે. આપણા જીવનની સાર્થકતા એમાં છે કે, આપણા જીવનને મંગલમય બનાવીએ. **જીવનમાં દરેકને સુખ કરતાં મનની શાંતિની ખૂબ જ જરૂર છે.** આ શાંતિને પ્રાપ્ત કરવા માટે આવા સંતપુરુષો જીવનમાં આચરીને સમજાવી જાય છે. બાપજીના આદર્શને જીવનમાં ઉતારીએ. બાપજીના આચરણનો એ જ મોટો ઉપદેશ છે. એની હું તમને વાત કરું છું કે, **ભગવાનની સંપત્તિનો કોઈ પણ રીતે બગાડ કરીએ તો આપણે ભગવાનના ગુનેગાર બનીએ.** આ સંપત્તિ તમે બનાવી શકતા નથી, તો તેનો દુરુપયોગ કરવાનો તમને કોઈ હક્ક નથી. જો આટલી સૂક્ષ્મતા આવે તો પછી ભગવાનને ક્યાંય પણ શોધવા જવું ના પડે. આપણા જીવનને એવી રીતે પરિશુદ્ધ બનાવીએ. આપણા જીવનમાં જેટલું ઉતારીએ એટલું બાપજીની નજદીક જઈ શકીએ અથવા બાપજી આપણી નજદીક આવે અને જીવનમાં ન ઊતરે તો બાપજી આપણાથી કેટલાય દૂર છે. બાપજી સમાજને ઉપયોગી થતાં. એમનું હલન-ચલન, બોલવું-ચાલવું, દવા ખાવી બધું જ લોકકલ્યાણ માટે હતું. એમનું અસ્તિત્વ તમારા કલ્યાણ માટે - લોકસંગ્રહ માટે- હતું. આપણે પણ એમના જીવનને આચરણમાં ઉતારીએ. **આચરણ એ ધર્મનો પ્રાણ છે.** કોઈ પણ ધર્મ જ્યાં સુધી આચારમાં ન આવે ત્યાં સુધી માત્ર ખોખું રહે છે. અગર જો એમાં પ્રાણ પૂરવો હોય તો એમાં શુદ્ધિ જોઈએ. એટલે આપણે પહેલાં મંગલાચરણ કરીએ છીએ. મંગલ આચરણ કરીને કથા સાંભળો અથવા કથા સાંભળીને મંગલ આચરણ કરો.

ધર્મને જ્યારે આચરણમાં મૂકીએ ત્યારે તેનું ફળ દેખાય ને આધ્યાત્મિક ગતિ થાય. પૂજન, ધૂન, સેવા વગેરે સારાં કર્મ કરીને આપણે માનવધર્મ શીખવાનો છે. ભગવાને તો આ માનવધર્મને- માનવતાનું આચરણ કરવા માટે આ દેહ આપ્યો છે. અવધૂતને આચરવાની જરૂર છે, એને જીવવાની જરૂર છે. તમે એને એવું જીવી લ્યો કે તમારું જીવન જ આદર્શમય બને. આચરણની એટલે કે પોતાના સુધારાની વાત આવે ત્યાં આપણે તરત આંખ આડા કાન કરીશું અને દિવસમાં કેટલાય ગુના કરીશું. આ વાત આપણે સમજીએ છીએ છતાં જાણી જોઈને એનાથી ઊલટું આચરણ કરીએ છીએ. ધર્મસ્થાનમાં જઈને પાંચ-પચાસ-સો કે પાંચસો રૂપિયા ખર્ચીશું

અને થોડીવાર આનંદ કરીને ઘરે આવીશું ને આપણે પોતાને ધાર્મિક અથવા આધ્યાત્મિક કહેવરાવીશું. તમને એમ થાય કે, હું આ ધર્મ કરું છું, તો મારી અંદર બેઠેલો મારો દેવ છે એને તે ગમશે ? આવો એક શુભ વિચાર લઈને તમે જાઓ અને પછી જુઓ, તમારા ધર્મની અને આધ્યાત્મિકતાની મજા. નહિ તો પછી આપણું ચીલેચલુ જીવન તો છે જ અને એ તો રહેશે જ, પણ આવા દિવ્યપુરુષો જન્મે છે તે એટલા માટે કે આપણે તેમના ચીંધેલા દિવ્ય પથ પર ચાલીએ. એ પોતે આચરણમાં ઉતારીને જીવનમાં એ રસ્તે ચાલે છે, ચાલ્યા છે ને એ રસ્તો આપણા માટે કેડીરૂપ છે. આપણે બધાં સાંભળવા ટેવાયેલાં છીએ. સાંભળ્યા પછી એનું મનન કરો, એને વિચારો ને તેને થોડુંક પણ આચરણમાં મૂકો તો તે શ્રવણ એટલે કે એ સાંભળેલું સફળ થાય. અંદરનો પ્રાણ તો આપણું આચરણ છે. આપણે આચરણને ભૂલી ગયા છીએ.

(૨) **શ્રદ્ધા :-**

બધા ધર્મોમાં માનીએ, પણ શ્રદ્ધા ન હોય તો કંઈ કામનું નહિ. શ્રદ્ધા હોવી બહુ જ કપરું છે. આપણા ખિસ્સામાં મૂકેલા પાંચ રૂપિયા પર આપણને જેટલી શ્રદ્ધા છે, વિશ્વાસ છે એટલી શ્રદ્ધા આપણને ભગવાન પર નથી. જેને ખિસ્સામાંના પાંચ કે પચાસ રૂપિયાનો વિશ્વાસ હોય છે, શ્રદ્ધા હોય છે એવો જ થોડો વિશ્વાસ ભગવાન પર હોય તો દુનિયાનું બધું દુઃખ ચાલ્યું જાય, તો પહેલાં જોઈએ શ્રદ્ધા હોવાપણું. મારી અંદર ભગવાન છે, જ્યારે જરૂર પડશે ત્યારે આવીને ઊભો રહેશે એવો વિશ્વાસ હોવો જોઈએ. પાંચ રૂપિયાની નોટ લઈને બજારમાં જાઓ. એનાથી ખાવાનું મળે એ વિશ્વાસ છે. વસ્તુ મળે એ વિશ્વાસ છે. રૂપિયા છે એ શ્રદ્ધા છે. આ શ્રદ્ધા અને વિશ્વાસ બે ભેગાં થાય ત્યારે પરમાત્મા આવીને પ્રગટ થાય. તો બહુ વિચારીને તમને જે ઠીક લાગે એવા કોઈ પણ દેવ ઉપર, સંત પર પૂર્ણ શ્રદ્ધા રાખો અને શ્રદ્ધા જ્યારે મજબૂત થાય ત્યારે એને શું થાય છે ? તો ભગવાન ઉપર એને રતિ થાય છે. **રતિ એટલે પ્રેમ. એકલો પ્રેમ નહિ પણ રોજ રોજ વધે તેવો પ્રેમ.** મારા ગુરુમહારાજ માટે આ કરું, આ કરું એવો ભાવ રોજે રોજ વધે. નિત્ય નવો પ્રેમ, નિત્ય નવી શ્રદ્ધા ઉત્પન્ન થાય. એમના માટે કંઈ ને કંઈ કરવાનું મન થાય તે રતિ ને રતિ જ્યારે પક્વ થાય ત્યારે ભગવાન પ્રસન્ન થાય. **જ્યારે કરોડો જન્મનું પુણ્ય હોય ત્યારે ભક્ત થવાય, તો શ્રદ્ધા, રતિ અને પ્રેમ થાય. તમને ભગવાન સાથે પ્રેમ થાય તો ભક્તિની શરૂઆત થાય.** આ ચાર એકસાથે ચાલે : શ્રદ્ધા, રતિ, પ્રેમ અને ભક્તિ. આપણે ભક્ત થઈએ. બસ, આટલું જો સમજીએ તો શ્રદ્ધાનું કેટલું મૂલ્ય છે એ આપણે સમજી શકીએ, પણ આપણી શ્રદ્ધા કેવી છે ? આપણે બાપજી પાસે ગયા અથવા કોઈ સંત પાસે ગયા અને એમને બતાવ્યું તે કામ ન થયું તો બસ આપણી શ્રદ્ધાનો એ જ વખતે ફેંસલો. સવારે બાપજીનો ફોટો લાવ્યા હોઈએ અને ઘરે સાંજે કોઈ કારણસર ઝઘડો કે અનિષ્ટ બને તો એ જ વખતે ઘરમાં લાવેલો એ ફોટો નદીમાં ફેંકી દેશો. તો વળી, ગુરુ પાસેથી મંત્ર લઈને આવે ને કંઈ નુકસાન થઈ જાય, કોઈના મરણના સમાચાર આવે, કોઈને ઍક્સિડન્ટ થઈ જાય તો એ મંત્ર જેણે આપ્યો હોય તેને કહે કે, આ મંત્ર અમને ફળ્યો નહિ, બીજો મંત્ર આપો. **આપણા મનમાં આવા ચંચલ ભાવ હોય છે.** તો તમને શી રીતે સમજાવું કે, શ્રદ્ધા કેવી હોવી જોઈએ ? અને શ્રદ્ધા જ્યારે નિષ્ઠામાં પરિણમે ત્યારે મુક્તિ મળે. કોઈ પણ કર્મનાં ફળ માટે શ્રદ્ધા રાખવી. **જ્યારે પરમાત્મામાં વિશ્વાસ ઊભો થાય છે ત્યારે જીવનમાં ઘણાં કામ બની જાય છે.**

**(ક્રમશઃ)**

'જીવન્મુક્તિનાં સાત સોપાન',પ્ર.આ.,પૃ.૧થી૬ સાભાર.



**માણસના મનની બે મુખ્ય નબળાઈ :**
**ભોગરુચિ અને સંગ્રહવૃત્તિ**
**ભોગવેલ ભોગનું ચિંતન, ભોગરુચિને વધારે છે.**
**ભોગનું ચિંતન છોડો.**

**- સ્વામી સંપૂર્ણાનંદજી**

**HARIBHAV SEPTMBER - 2013**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014

## વિચાર પણ એક શક્તિ છે



જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે તેજોવલયરૂપ શક્તિશાળી મોજાં ઉત્પન્ન કરીએ છીએ. એ જ સ્વરૂપના બીજા વિચારોનાં આંદોલનો ભેગાં થઈ સારું યા નરસું વાતાવરણ બનાવે છે.

વીજળી અને અવાજની માફક વિચારો પણ એક ઉત્પાદક શક્તિ છે. જે સ્થળે સમાન હેતુથી લોકો ભેગા થાય છે, ત્યાં તેમના બહાર પડતાં સામુદાયિક વૈચારિક મોજાં પ્રસારિત થઈ ઉચ્ચ શક્તિશાળી વાતાવરણ ઉત્પન્ન કરે છે.

અવાજની માફક વિચારોર્મિ પણ અવકાશમાં થોડો સમય ટકી રહે છે. પોષણ અને સ્થાયી અસ્તિત્વ માટે તેને એવા જ બીજા વિચાર તરંગોનો સાથ મળવો જોઈએ. વિરુદ્ધ વિચારો વાતાવરણનાં સ્પંદનોને કલંકિત કરે, શક્તિહીન બનાવે અથવા વિનાશ પણ વેરી શકે.

- સ્વામી કૃષ્ણાનંદજી
(ભાદરણ)

'સ્વામી કૃષ્ણાનંદ સંપુટ' ભાગ-૧, પ્ર. આ., પૃ. ૩૨

Printed and Published by **Prabhudas Jani**, on behalf of **' HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**
Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com